
# અધ્યાત્મ

વર્ષ : ૭
અંક : ૧૧
ઓગસ્ટ : ૧૯૮૩



## ● સદ્‌ભાવ ભરી સહાય ●

અધ્યાત્મને વાંચકો ને સાધકો તરફથી સદ્‌ભાવભરી ભેટ મળતી રહે છે છેલ્લે મળેલી સહાયની વિગત નીચે મુજબ છેઃ-

૧૦૧ શ્રી છોટુભાઈ નાથુભાઈ પટેલ, સુરત વિમલના જન્મદિન નિમિત્તે.

૧૧ ધીરજલાલ ભોજાણી, સારા માર્કે પાસ થવાથી.

૧૧ નીલાબેન ભોજાણી, જન્મદિન નિમિત્તે.

૧૦ શ્રી ભૂપેન્દ્રભાઇ સુરતિયા, ભરૂચ.
બે સંકલ્પોની સિદ્ધિ માટે.

૨૨ શ્રી ચંદ્રકાન્ત પંડ્યા, નાનું મકાન રાજકોટમાં લીધું તેમજ નાનાભાઈનું મકાન બનાવવા નિમિત્તે.

૭૫ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી.

૨૧ શ્રીમતી વર્ષા દવે, પતિદેવના જન્મદિન નિમિત્તે.

૫૧ શ્રી ગંગાબેન મફતલાલ પુરોહિત, શુંદરી રોગ નિવૃત્તિનો સંકલ્પ.

૨૫ શ્રી ગણુપતલાલ એન. પુરોહિત, પાલનપુર હીરાના કારખાનાના મુહૂર્ત પ્રસંગે.

૧૧ એક સાધકભાઈ, વડોદરા.

❊

## ખાસ નોંધ

તા. ૧૫ મી ઓગસ્ટ એ પરમ પૂ. ગુરુદેવશ્રી યોગેશ્વરજીનો જન્મદિન છે. એટલે ઓગસ્ટ માસના અંકમાં પૂ. શ્રી ના જીવન પરના લેખો ખાસ મૂકવામાં આવ્યા છે અને તેથી રામકથાનો હપ્તો આ અંકમાં સમાવી શકાયો નથી.

—તંત્રી



પૂ. શ્રી યોગેશ્વરજી

### ❋ અભીપ્સા ❋

જીવંત જાગૃતિમાં બનો ને
સ્વપ્નમાં જાઓ શમી,
તનમાં અને મનમાં વળી
અંતર મહીં જાઓ રમી.

ના એક પણ હો ક્ષણ હો
દૂર જ્યારે મુજ થકી,
હો તાપ કે છાયા, ભલે
વરસે કદી વિષ કે અમી.

ઉન્માદથી તમ પ્રેમના
સ્વર્ગીય મુજ સઘળું બનો,
સાન્નિધ્યથી સઘળું તમારા
સુવાસિત સુંદર હજો.

—યોગેશ્વરજી

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી.

જન્મ : ૧૫ ઓગસ્ટ ૧૯૨૧ લીલાસંવરણ : ૧૮-૩-૧૯૮૪

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૭ અંક : ૧૧ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લૉટ નં. ૧૬૯૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શંકરાચાર્યના સ્તોત્રો | યોગેશ્વરજી | ૩ |
| ગુરુપૂર્ણિમા નિમિત્તે પૂજન | — | ૮ |
| 'મા' ના ઘરે | ઈશ્વરભાઈ પરમાર્થી | ૯ |
| સ્વર્ગારોહણ તીર્થનું ઉદ્દઘાટન | નારાયણ હ. જાની | ૧૫ |
| ઉદ્દઘાટન પ્રસંગે અવનવું | અતુલ કૉન્ટ્રૅક્ટર | ૧૯ |
| યોગેશ્વરજી-એક વિરલ વિભૂતિ | ચંદ્રકાન્ત રાવ | ૨૧ |
| વાણી | રણજિત પટેલ | ૨૪ |
| સદ્દગુરુ મેળવવાનું સદ્દભાગ્ય | એક સાધક બહેન | ૨૫ |
| પૂ. યોગેશ્વરજીની કૃપા | ભાનુકુમાર નાયક | ૨૭ |
| સદ્દગુણી સ્વભાવ કરવા મનુષ્યે શું કરવું ? | સ્વ. પ્રપન્નલાલ કાજી | ૩૩ |
| ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યા ( ૩ ) | પ્રા. જનાર્દન દવે | ૩૬ |
| ભોગેચ્છા | ઈશ્વરભાઈ શાહ | ૪૧ |
| મારું મનડું (ગાન) | મધુરમ્ | ૪૮ |
| જ્યોતિર્મયી વિશ્રામગૃહને સહાય | — | ૪૯ |
| મહાત્માશ્રી યોગેશ્વરજી | બાબુભાઇ વોરા | ૫૧ |
| અમારા પૂ. માતાજીને શ્રદ્ધાંજલિ | નારાયણભાઈ જાની | ૫૬ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૫૮ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૭ ઑગસ્ટ-૧૯૮૬ અંક : ૧૧


## શંકરાચાર્યનાં સ્તોત્રો

અદ્વૈતવાદના સમર્થક જ્ઞાનીશિરોમણિ શ્રી શંકરાચાર્યે બ્રહ્મસૂત્ર, ઉપનિષદ અને ગીતાપર ટીકા લખી છે તેમ વિવેકચૂડામણિ, આત્મબોધજેવા સુંદર સ્વતંત્ર ગ્રંથો પણ લખ્યા છે. પરંતુ એની સાથે સાથે એમણે રચેલાં ભક્તિસ્તોત્રો પણ એટલાંજ વિખ્યાત છે. કેટલાક વિદ્વાનો એ સ્તોત્રો વાંચીને શંકા કરે છે કે આ સ્તોત્રોને આદ્ય શંકરાચાર્યનાં માની શકાય ? શંકરાચાર્ય તો આત્મજ્ઞાની હતા. એટલે ભક્તિભાવથી ભરેલાં સ્તોત્રો એ ભાગ્યેજ લખી શકે. એ તો કેવળ આત્મજ્ઞાનવિશેજ લખે. માટે શંકર, રામ, કૃષ્ણ, હરિ, દેવી તથા નર્મદાજેવી નદીઓપર લખાયલાં એમનાં સ્તોત્રો ખરેખર એમનાં લખેલાં નથી પરંતુ કોઈ બીજાએ લખીને એમના નામથી પ્રસિદ્ધ કરેલાં છે.

એવી શંકા એકદમ કાઢી નાખવાજેવી નથી. દેખીતીરીતે એ સારી લાગે છે, છતાં પણ શાંતિપૂર્વક વિચાર કરવાથી એ તદ્દન નિરાધાર છે એવું સ્પષ્ટ થયાવિના નથી રહેતું.

ભક્તિસ્તોત્રો શંકરાચાર્યનાં નથી પરંતુ બીજાનાં છે એવી માન્યતાપાછળ મુખ્યત્વે એકજ દલીલ કામ કરે છે કે અદ્વૈતવાદી

શંકર ભક્તિના એવા પ્રબળ ભાવો ના વહાવી શકે. સામાન્યરીતે કેટલાક લોકો માને છે પણ એવું કે જ્ઞાન અને ભક્તિ બંને એકી સાથે ના રહી શકે અને પરસ્પર વિરોધી છે. પરંતુ તટસ્થ રીતે જોતાં એવું નથી લાગતું. જ્ઞાન અને ભક્તિ પરસ્પર વિરોધી નથી, અને એકસાથે રહી શકે છે. નરસી મહેતાનાં પદો ભક્તિ-ભાવથી ભરેલાં છે પરંતુ આત્મજ્ઞાનથી પણ અંકિત છે એ કોણ નથી જાણતું ? સંત તુલસીદાસની કલમમાંથી પણ ભક્તિના ઊંડા ભાવોની સાથે જ્ઞાનના ચમકારા પણ નથી દેખાતા એમ નહિ. મહર્ષિ વ્યાસે બ્રહ્મસૂત્રજેવા જ્ઞાનગ્રંથની રચના કરવાની સાથે સાથે ભક્તિભરપૂર ભાગવતગ્રંથની રચના કરેલીજ છે. એ પરસ્પર વિરોધી જેવા દેખાતા ગ્રંથો એમના નથી એવું કોઇ નહિ કહી શકે. શંકરાચાર્યની વિભિન્ન રચનાઓના સંબંધમાં પણ એવુંજ સમજી લેવાનું છે. એ શંકરાચાર્યનીજ રચેલી છે.

શંકરાચાર્ય ફક્ત જ્ઞાની હતા એવું નથી સમજવાનું. એમની અંદર જ્ઞાન, ભક્તિ, યોગ અને કર્મ ચારેનો સુમેળ હતો. ચારેને એમના જીવનમાં ઉચિત સ્થાન મળ્યું હતું. એટલે એમના સાહિત્યમાં પણ જ્ઞાનની સાથે ભક્તિનો સમુચિત સમન્વય સધાયો છે. છતાં પણ એમનાં ભક્તિસ્તોત્રોમાં એમની આગવી પ્રતિભાનું દર્શન થાય છે. એ જુદાંજ તરી આવે છે. ભાષા અને ભાવની દૃષ્ટિએ એ એકદમ નિરાળાં છે. ભાષાની સરસતા અને સરળતા જેમ એમની પોતાની છે, તેમ ભાવો પણ એમનાજ છે. એ ભાવોમાં એક નોંધપાત્ર વિશેષતા એ છે કે એ ભાવો કેવળ ભક્તિના નથી, પરંતુ જ્ઞાનના પાશવાળા અથવા આત્મજ્ઞાનથી ભરપૂર છે. હરિ, હર, કૃષ્ણ, રામ, નારાયણ કે દેવીને શંકરાચાર્ય પરબ્રહ્મ પરમાત્માના એકમાત્ર પ્રતીક તરિકેજ જુએ છે અને એવીરીતેજ સ્તવે છે. એ વિશેષતા એમની પોતાની સ્વતંત્ર વિશેષતા છે, અને એને ધ્યાન-માં રાખીને જો એમનાં ભક્તિસ્તોત્રોનો વિચાર કરીએ તો એ



શંકરાચાર્યસિવાય બીજા કોઇનાં ના હોઇ શકે ને નથી એની પૂરે-પૂરી પ્રતીતિ થાય છે.

એ ભક્તિભાવથી ભરપૂર, અદ્વૈત જ્ઞાનથી ઓતપ્રોત, સ્તોત્રોનો થોડોઘણો આસ્વાદ લેવાથી એ હકીકત સહેલાઈથી સમજી શકાશે. આ રહી એમની થોડીક પ્રસાદીઃ

'સ્તોષ્યે ભક્ત્યા વિષ્ણુમનાદિં જગદાદિં,
યસ્મિન્નેતત્સંસૃતિચક્રં ભ્રમતીત્થમ્;
યસ્મિન્ દૃષ્ટે નશ્યતિ તત્સંસૃતિચક્રં,
તં સંસારધ્વાન્તવિનાશં હરિમીડે.'

'જગતના મૂળ કારણરૂપ, અનાદિ, સર્વવ્યાપક, વિષ્ણુ ભગ-વાનની હું સ્તુતિ કરું છું, જેની અંદર આ સંસારચક્ર, સતત-રીતે ફર્યા કરે છે. જેનો સાક્ષાત્કાર થવાથી એ સંસારચક્રનો અંત આવે છે, તે સંસારચક્રની અજ્ઞાનનિવૃત્તિના કારણરૂપ વિષ્ણુ ભગ-વાનની હું સ્તુતિ કરું છું.' —હરિમીડે સ્તોત્રમ્

'મનોનિવૃત્તિઃ પરમોપશાંતિઃ,
સા તીર્થવર્યા મણિકર્ણિકા ચ;
જ્ઞાનપ્રવાહા વિમલાદિગંગા,
સા કાશિકાઽહં નિજબોધરૂપા.'

—કાશીપંચકમ્

'સંકલ્પવિકલ્પથી ભરેલા અહંકારયુક્ત મનની સમાધિ દશામાં થનારી નિવૃત્તિના પરિણામરૂપે જે પરમ શાંતિની પ્રાપ્તિ થાય છે તેજ મણિકર્ણિકાનું મોટામાં મોટું તીર્થ છે. અને આત્મજ્ઞાનનો નિર્મળ પ્રવાહ ગંગા છે. એ પરમજ્ઞાનસ્વરૂપ આત્મારૂપી કાશી હું પોતેજ છું,

હવે એમણે રચેલા ગોવિંદાષ્ટકના ભાવપ્રવાહનું દર્શન કરીએઃ

'સત્યં જ્ઞાનમનન્તં નિત્યમનાકાશં પરમાકાશં,
ગોષ્ઠપ્રાંગણરિંગણલોલમનાયાસં પરમાયાસમ્;

માયાકલ્પિતનાનાકારમનાકારં ભુવનાકારં,
ક્ષમામાનાથમનાથં પ્રણમત ગોવિંદં પરમાનંદમ્.'

'જે પરમાત્મા સત્ય, જ્ઞાન અને અનંતસ્વરૂપ છે, તથા છિદ્ર-રહિત નિત્ય સ્વયંપ્રકાશરૂપ છે, તેજ પરમાત્મા સાકાર રૂપે પ્રકટ થઇને વ્રજની ગૌશાળાના પ્રાંગણમાં ગાયોનાં વાછરડાંપાછળ દોડનારા ચંચળ ચપળ કૃષ્ણ છે. તાત્ત્વિક રીતે જોતાં તો તે માયા તથા તેમાં કલ્પાયલાં બધાં રૂપોથી રહિત, નિર્ગુણ ને નિરાકાર છે, છતાં-પણ વિશ્વના રૂપમાં પ્રતીત થાય છે. તે લક્ષ્મીના સ્વામી, સંપૂર્ણપણે સ્વતંત્ર, ગોવિંદ ભગવાન પરમાનંદરૂપ શ્રીકૃષ્ણ પરમાત્માને તમે પ્રણામ કરો.'

અને એમણે રચેલા વેદસાર શિવતત્ત્વનો રસ ચાખીએ:

'નમસ્તે નમસ્તે વિભો વિશ્વમૂર્તે,
નમસ્તે નમસ્તે ચિદાનંદમૂર્તે;
નમસ્તે નમસ્તે તપોયોગગમ્ય,
નમસ્તે નમસ્તે શ્રુતિજ્ઞાનગમ્ય.'

'હે વિશ્વવ્યાપક, વિશ્વમૂર્તિ! તમને નમસ્કાર! હે સચ્ચિદાનંદસ્વરૂપ, તમને નમસ્કાર! હે તપ ને યોગથી જાણવાયોગ્ય, તમને નમસ્કાર! હે વેદજ્ઞાનથી પામવાયોગ્ય, નમસ્કાર!'

'અજં શાશ્વતં કારણં કારણાનાં,
શિવં કેવલં ભાસકં ભાસકાનામ્;
તુરીયં તમઃ પારમાદ્યન્તહીનં,
પ્રપદ્યે પરં પાવનં દ્વૈતહીનમ્.'

'અજન્મા, અવિનાશી, સૌના કારણરૂપ, સર્વ પ્રકાશોના પ્રકાશક, તુરીયરૂપ, અંધકારથી પર, આદિ અને અંતથી રહિત, પરમપવિત્ર, અદ્વૈતરૂપ, શંકર ભગવાનનું શરણ લઉં છું.'

'વિષ્ણવે જિષ્ણવે શંખિને ચક્રિણે,
રુક્મિણીરાગિણે જાનકીજાનયે,



બલ્લવીવલ્લભાયાર્ચિતાયાત્મને,
કંસવિધ્વંસિને વંશિને તે નમઃ'

—અચ્યુતાષ્ટક

'જે વ્યાપક છે, વિજયી છે, શંખચક્ર ધારણ કરનાર છે, રુક્મિણીમાં પ્રીતિવાળા તથા સીતાના સ્વામી છે, ગોપીઓના પ્રાણાધાર, કંસનો નાશ કરનાર ને વાંસળીના વગાડનાર છે, તે સર્વાત્મસ્વરૂપ શ્રીકૃષ્ણને નમસ્કાર!'

ઉપરનાં અવતરણોમાં જુદીજુદી થોડીક સ્તુતિઓમાં જે ભાષાની સરસતા, સરળતા, લલિતતા અને ગૂઢાર્થવાળી સૂક્ષ્મતા છે તે શંકરાચાર્યની બીજી રચનાઓને મળતી છે. એટલુંજ નહિ પરંતુ બધાં સ્તોત્રોમાં એકસરખી તાત્ત્વિક દૃષ્ટિ કે વૃત્તિનું દર્શન થાય છે. એ પરમ જ્ઞાનયુક્ત દૃષ્ટિ કે વૃત્તિજ કહી બતાવે છે કે એ ભક્તિસ્તોત્રો શ્રી શંકરાચાર્યે રચેલાં છે અને એમના વિના બીજું કોઇ ભાગ્યેજ રચી શકે.

---

## નવા વર્ષના લવાજમ અંગે

'અધ્યાત્મ' માસિક તેની સ્થાપનાનાં સાત વર્ષ સપ્ટેમ્બર, ૮૬માં પૂરાં કરે છે, એથી જે વાર્ષિક ગ્રાહકોનું લવાજમ ઓકટો. ૮૬માં પૂરું થાય છે, તેઓ સર્વેને વિનંતી છે કે તેઓ પોતાના લવાજમ ધ્યાન કેન્દ્રો મારફત અગર તો સીધાં તંત્રીને સપ્ટેમ્બરની ૨૦ તારીખ સુધીમાં મોકલાવે જેથી ઓકટોબર, ૮૬નો અંક તેઓને નિયમ પ્રમાણે મળી શકે.

મોડાં મોકલાવેલ લવાજમોવાળા ગ્રાહકોને ઓકટો. ૮૬નો અંક ન મળી શકે તો તેઓએ તે અંગે પત્રવ્યવહાર ન કરવા વિનંતી છે. મનીઓર્ડર નીચે કાપલીમાં પોતાનું સરનામું લખવું જરૂરી છે.

તંત્રી.

# ગુરૂપૂર્ણિમા નિમિત્તે પૂજન

યાત્રાધામ અંબાજીમાં ગુરૂપૂર્ણિમાના મંગલ દિને જ્યોતિર્મયી વિશ્રામગૃહનું ઉદ્ઘાટન શાસ્ત્રોક્ત વિધિથી નવચંડી યજ્ઞ સાથે કરવામાં આવ્યું. તે દિવસે પ.પૂ. ગુરૂદેવ શ્રી યોગેશ્વરજીથી પ્રતિકૃતિનું પૂજન પણ શ્રી ભગવતીપ્રસાદ શર્માજીએ કરાવ્યું. આ પૂજનવિધિ કરવાનું સૌભાગ્ય અમેરિકા નિવાસી શ્રી સરોજબેન વિનોદભાઇ પટેલ, તેમજ શ્રી જે.વી. શાહ અને એમના ધર્મપત્નીને પ્રાપ્ત થયું.

ગુરૂદેવના મંગલપૂજન પછી પ.પુ. માતાજી જ્યોતિર્મયીનું તેમજ પ.પૂ. માશ્રી સર્વેશ્વરીનું પૂજન પણ કરવામાં આવ્યું. તે પછી સાધકોએ પ.પૂ. ગુરૂદેવ તેમજ પૂ.માતાજી અને માશ્રી સર્વેશ્વરીની આરતી ઉતારી, ચારસો જેટલા સાધક ભાઇબહેનોએ ગુરૂદેવને આ મંગલપર્વ નિમિત્તે પુષ્પહાર ચઢાવી, યથાશક્તિ ભેટ ધરી હતી.


શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે–સુરત.




# 'મા' ના ઘરે

લે. ઈશ્વરભાઈ પરમાર્થી

મા તો ત્યાગી જીવન જીવે છે. તેમનું કોઇ ઘર નથી. જો કોઈ ઘર હોય તો તે આ વિશાળ પૃથ્વી છે. જેના પર આકાશનું અનંત સોહામણું છત્ર છે. પરમાત્માના અધ્યક્ષપણા હેઠળ તેઓ તેમાં નિવાસ કરે છે અને ગુરુચીંધ્યા માર્ગે આકરી તપશ્ચર્યા કરે છે. તેમણે જ્યારથી ત્યાગ કર્યો છે ત્યારથી તેમનું કોઈ કુટુંબ નહીં, તેમનું કોઇ સગું નહિ, તેમનું કોઇ ઘર નહીં ને તેમનું કોઈ ગામ પણ નહીં. તેમના કોઇ પિતા નહિ, માતા નહિ, ભાઇ નહિ, બહેન નહિ. પરમાત્માની પ્રેરણા પ્રમાણે તેઓ સર્વતંત્ર સ્વતંત્ર બનીને વિચરણ કરે છે. વિચરણ કરતી વખતે જગતના જીવોની કલ્યાણની જ ભાવના તેમનાં પગલે પગલે અનુવાહિત થતી રહે છે. એટલે તેઓ જ્યાં વાસ કરે ત્યાં તીર્થસ્થળ બને એવી અનન્ય શ્રદ્ધા લોકહૃદયમાં છે. તેથી જ લોકો તેમનાં શ્રદ્ધાભક્તિપૂર્વક દર્શન પણ કરે છે અને સદાયે આધ્યાત્મિક પ્રગતિ કરવા પ્રયત્નશીલ રહે છે.

આ પ્રકારની સમજ સર્વેની હોવા છતાં તા. ૨૩ મી જુલાઇ, ૧૯૮૫ ની સાંજે જ્યારે ગુજરાત તરફ આવવા હાવરા એક્સપ્રેસમાં બેઠાં ત્યારે સહુ કોઈના મુખેથી એક જ વાત નીકળતી હતી કે હવે આપણે પૂ. મા સર્વેશ્વરીના ઘરે જઈ રહ્યાં છીએ. આપણું એ છેલ્લું તીર્થધામ આપણી યાત્રાનો એ છેલ્લો દિવસ.

આ દૃષ્ટિએ માનું ઘર એટલે માના પૂર્વાશ્રમનું જન્મસ્થળ કે જ્યાં તેઓ નાનેથી મોટાં થયાં, ભણ્યાં ને ગણ્યાં ! આપણી

ભારતીય પ્રણાલિકા એવી છે કે સંતોના જન્મસ્થળને ભક્તિ-ભાવપૂર્વક નિહાળવામાં આવે છે. આધ્યાત્મિકતાના અંકુરો જ્યાં અંકુરિત થયા ને પોષણ પામી મજબૂત બન્યા ત્યાં શ્રદ્ધાળુ લોકો તીર્થધામનું નિર્માણ કરે છે. ઉપનિષદ્‌ની ભાષામાં કહીએ તો જ્યાં આંતર અગ્નિહોત્રનો પ્રારંભ થયો હોય ત્યાં પ્રભુ પ્રગટ્યા કહેવાય. આંતર અગ્નિહોત્ર એટલે આંતરિક ઉપાસના અથવા તો આંતરિક વિકાસ. કૌષીતકી ઉપનિષદ્‌ના આ વિચારો છે. તેમાં આંતરિક વિકાસ વાણી અને પ્રાણના સંયમથી થઈ શકે તેવું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. પૂ. મા પણ વાણી ને પ્રાણના સંયમને મહત્ત્વનું સ્થાન આપે છે. નિયમિત મૌન રાખી તેમણે વાણીનો સંયમ પણ પ્રસ્થાપિત કર્યો જ છે. એટલે ભક્તહૃદયમાં તેમનાં જન્મસ્થળનાં દર્શન કરવાની તીવ્ર ઉત્કંઠા હોય તે સ્વાભાવિક ગણાય.

અમારામાંથી કેટલાક તો માના જન્મસ્થળનું પ્રથમ વાર જ દર્શન કરનાર હતા. તેમના હૃદયમાં તો ગોપીઓના હૃદય-માં ગોકુળ માટે જેવો ભાવ હતો તેવો જ ભાવ ડોકિયાં કરતો હતો. ઘણી અગવડ હોવા છતાં શ્રી શાંતિભાઇ કનેરિયા તો આખા કુટુંબ સાથે કપુરા આવવા પ્રોત્સાહિત થયા હતા. તા. ૨૫ મીની સવારે દસ વાગે ગાડી વ્યારા સ્ટેશને ઊભી રહી ત્યારે "મા સર્વેશ્વરીની જય" નો બુલંદ ધ્વનિ ગાજી ઉઠ્યો હતો. શ્રી મોહનલાલ, શ્રી રમેશચંદ્ર, શ્રી સીતારામ-ભાઇ, શ્રી બચુભાઇ વિગેરે કપુરાના ભક્તજનોએ ખૂબ જ પ્રેમભાવથી યાત્રાળુઓનું સ્વાગત કર્યું હતું, એટલું જ નહિ પણ તે સહુને સાધનોની સગવડ પણ પૂરી પાડી હતી.

કપુરાના ભક્તજનોને પૂ. મા સર્વેશ્વરીનો આંતરિક પરિચય તો મહાત્માજી કપુરા ઈ. સ. ૧૯૭૮માં પધાર્યા હતા ત્યારે



જ થયો હતો. તે પહેલાં તો ગામની એક સારી વ્યક્તિ તરીકેની જ ઓળખાણ હતી. મહાત્માજી માટે તેમની અપાર શ્રદ્ધાનાં દર્શન એક વિશેષ પ્રસંગથી થવા પામ્યાં હતાં. મહાત્માજી પ્રથમવાર કપુરા આવીને ગયા પછી એકવાર પૂ. મા એક શનિવારે કપુરા આવ્યાં હતાં. ત્યારે તેઓ સુરતમાં આચાર્યા તરીકે નોકરી કરતાં હતાં. શનિવારે મોડી રાતે પોતાનો નિત્ય કાર્યક્રમ પતાવી સૂતેલાં ત્યારે મળસ્કે એક સ્વપ્ન આવે છે. સુરતના પોતાના નિવાસે તાળું તોડી ચોર લોકો ઘરમાં ઘુસી ગયા છે; કબાટની ચાવી પૂજાસ્થાને કે જ્યાં પૂજ્યશ્રીનો ફોટો રાખવામાં આવ્યો હતો ત્યાં મૂકેલી હતી; ચોર લોકો તેને સ્પર્શ કરતા નથી; બીજી વસ્તુઓ તેઓ લઈ જાય છે; તેથી જેમ બને તેમ જલ્દી ઘેર પહોંચવા તેમને સૂચન પણ થાય છે. સવારે ઉઠીને તેમણે આ હકીકત કહી સંભળાવી હતી ને તેઓ સુરત પહેલી જ બસમાં પહોંચી ગયાં હતાં. તો ખરેખર તેવી જ રીતે સમગ્ર ઘટના બની હતી. ચાવી જ્યાં હતી ત્યાંજ રહી હતી. કબાટમાં જે સિલક હતી તે બરાબર જ હતી. આ વાતની વિગત સહુને ખબર થયા પછી લોકહૃદયમાં તેમને માટે માન પેદા થયું હતું. તેમનો જ આંતરિક વિકાસ થયો હતો તેની ઝાંખી લોકોને થઇ હતી. વળી આ પ્રસંગથી પૂજ્યશ્રી માટેની તેમની અનન્ય ભક્તિ અને તે કારણે ગુરુની શક્તિ તેમનું નાની મોટી બાબતોમાં કેવું રક્ષણ કરે છે તે સત્ય સર્વના હૃદયમાં કોતરાઇ ગયું હતું. તેથી આજે જ્યારે મા યાત્રાળુઓના સંઘ સાથે ગામમાં પધાર્યાં ત્યારે ઘણી મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી હતી અને તેમનાં દર્શન કરી તૃપ્તિ અનુભવી હતી.

વિશેષ કરીને આજે તો લોકમાનસ પર તેમના ઉપવાસો-

ની અસર વર્તાતી હતી. ૪૮૫ દિવસ થયા છતાં તેમણે અણિશુદ્ધ રીતે ઉપવાસી બનીને અન્નનો સર્વાંશે ત્યાગ કર્યો હતો. ન તો કોઇ નિયમિત ફળનો ઉપયોગ કર્યો છે કે ન તો કાંઇ નિયમિત દૂધને ગ્રહણ કર્યું છે. છતાં શરીરમાં અજબની તાજગી ને ગજબની શક્તિ છે. યાત્રામાં અમારી સાથે તેઓ ચૌદ કિલોમીટર તો ચાલ્યાં હતાં. તેમના શરીરે થાકનો અનુભવ કર્યો જ નહોતો. અવાજમાં આત્મબળનું ઓજસ હતું. તેવી દશામાં તેમનાં દર્શન કરી ભકતજનોએ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

અડતાલીસ કલાકની ગાડીની સતત મુસાફરી છતાં તેમણે સર્વે ભક્તજનોને પ્રેમપૂર્વક પીરસીને જમાડ્યા હતા તે કેમ વીસરી શકાય! યાત્રા દરમ્યાન મા સહુ કોઇની સંભાળ નિત્ય રાખતાં હતાં. તે તેમનો સ્વભાવ હતો. કોણ કેટલું જમે છે ને કોણ કેટલું ઊંઘે છે તેની જાણ માને પૂરેપૂરી હતી.

જમીને આરામ કરી સાંજે બધાં જ ભાઇ બહેનો ખુલ્લી હવામાં ફરવા નીકળ્યાં હતાં. મહાત્માજી કપુરા આવતા ત્યારે તેમના પાવન પગલાં જ્યાં જ્યાં ઘુમી વળેલાં ત્યાં ત્યાં જવું એવો સહુ કોઇનો નિર્ણય હતો. આંબાવાડી તરફ ખાસ કરીને મહાત્માજી જતા એટલે અમે પણ ત્યાં ગએલાં. વિશાળ આંબાવાડીમાં એક નાનકડું ઘર પણ છે. ત્યાં સહુ રોકાયા ને 'યોગેશ્વર બાવની' ગરબાના ઢાળમાં ગરબાના સ્વરૂપમાં ફરતા ફરતા ગાવા લાગ્યાં હતાં. આ રીતે કુદરતના ખોળે અનેરો આનંદ અનુભવી અંધારું થાય તે પહેલાં મુકામ પર સહુ કોઈ આવી ગયું હતું.

રાત્રે ૭-૩૦ વાગે સભાનું આયોજન કરવામાં આવ્યું



હતું. ગુરુવાર હતો એટલે કપુરામાં તે સમય ધ્યાનકેન્દ્રનો પણ ગણાય છે. એટલે તે દિવસે ધ્યાનકેન્દ્રના ભાઈબહેનો પણ સત્સંગ સભામાં લાભ લેવા વિશાળ સંખ્યામાં પધાર્યાં હતાં. આખું ઘર ચિકાર ભર્યું હતું. સહુ કોઈ શાંતિથી માની મધુર વાણી સાંભળી રહ્યાં હતાં. પૂ. મા એ યાત્રાની પૂર્ણાહુતિ કરતા પરમાત્માની અનન્ય કૃપાનાં ગુણગાન ગાયાં અને પછી યાત્રાળુઓને બોલતા કરવા માટે યાત્રાના વિવિધ અનુભવો યાત્રાળુઓના મુખેથી હાજર રહેલા ગ્રામજનો સાંભળી શકે તેવા હેતુથી યુક્તિપૂર્વક જાહેરાત કરી હતી. શ્રી ગોરધનભાઈ કલોલા શ્રી વિનોદભાઇ પટેલ, શ્રી હરિશભાઈ કોન્ટ્રાકટર, કુ. પૂર્ણિમા વિગેરેના મોઢેથી યાત્રાના વિશેષ અનુભવો સાંભળી ગ્રામજનો મંત્રમુગ્ધ બની ગયાં હતાં. પૂ. મા એ મને પણ બોલવા માટે આજ્ઞા કરી હતી. અને મેં પણ જગન્નાથપુરીના સમુદ્ર કિનારે વિષ્ણુસહસ્રનામના પાઠ વખતે જે ઘટના બની હતી તે વિસ્તારથી કહી હતી. કુદરતના તત્ત્વો પણ સંતોને કેવી કેવી રીતે માન આપે છે તે હકીકત સાંભળવાની લોકોને મજા પડી હતી. માના સંકલ્પસિદ્ધિના અનેક પ્રસંગો અને માના કરુણામય સ્વભાવની કેટલીક વાતો સાંભળી કપુરાના ભક્તજનોને ખૂબ ખૂબ આનંદ થયો હતો. રાત્રે અગિયાર વાગી ગયા તો પણ કોઇ ઉઠ્યું ન હતું તે તેની પ્રતીતિ હતી.

સત્સંગ સભાની પૂર્ણાહુતિમાં પૂ. મા એ એક સરસ મજાની વાત કરી હતી. કુ. પૂર્ણિમાના જીવનની એ વાત ખરેખર સાંભળવા જેવી હતી. યાત્રામાં જોડાવાની ઇચ્છા તો પૂર્ણિમાની હતી જ. પરંતુ તેની તબિયત દરરોજ બગડતી. શાળામાં તે શિક્ષિકાની નોકરી કરીને ઘેર આવે ત્યારે ધાબળો

શ્રી કપિલદેવ શર્મા, તેમજ સંસ્કૃતના પ્રકાંડ પંડિત શ્રી ભગવતીપ્રસાદ શર્માની દોરવણી નીચે હોમાત્મક નવચંડી યજ્ઞનો ખાસ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. આ યજ્ઞમાં પ.પૂ. મહાત્માજીના પરિવારના સભ્યોની અનુપસ્થિતિમાં શ્રી શાન્તિભાઈ કનેરિયા ઉપરાંત, શ્રી પ્રભુભાઇ તન્ના, શ્રી બાબુભાઈ વોરા અને શ્રી ધીરૂભાઈ ભક્ત (અમેરિકા) યજમાન તરીકે બીરાજ્યા હતા. સવારના સાતથી પ્રારંભ થયેલો આ યજ્ઞ લગભગ સાંજે ચાર વાગે પૂરો થયો હતો.

આ દરમ્યાન સર્વે સાધકભાઇ બહેનોએ પણ દુર્ગા-સપ્તશતીનો પાઠ સમૂહમાં પૂ. માશ્રી સર્વેશ્વરીની સાથે કર્યો હતો. નવચંડી યજ્ઞ ને ચંડીપાઠના ગાનથી સમગ્ર વાતાવરણ એક પ્રકારના સાત્ત્વિક પરમાણુઓથી પરિપ્લાવિત બની ગયું હતું. અષાડ માસ હોવા છતાં વર્ષા ન હોવાથી, પ્રભુએ પણ આ મંગલકાર્ય નિર્વિઘ્ને પરિપૂર્ણ કરવામાં સહાય કરી હતી.

ઓફિસ ખંડ સિવાય, વિશ્રામગૃહના દસ ઓરડાઓ, તેમજ માળ પરનો પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનો સ્મૃતિ ને ધ્યાનખંડ, તથા પૂ.મા શ્રી સર્વેશ્વરીનો સ્વતંત્ર આવાસ, વગેરેમાં વિવિધ સાધકો અને દાતાઓના હસ્તે વેદોક્ત મંત્રોથી ધાર્મિક વિધિ પ્રમાણે કુંભસ્થાપન કરાવવામાં આવ્યું હતું. તે ઉપરાંત, નાના બાળ સાધકોના હાથે દરેક ખંડમાં ગંગાજીના પવિત્ર જળનો છંટકાવ પૂ.મા શ્રી સર્વેશ્વરીએ કરાવ્યો હતો. આ માટેનું ગંગાજળ છેક ઋષિકેશથી પૂ.મા ખાસ લાવ્યાં હતાં.

આ વિશ્રામગૃહના દરેક ઓરડામાં બે સુંદર પલંગો, તેમજ સ્વતંત્ર જાજરૂ બાથરૂમની સગવડ છે. અહીં આવી સાધકો પંદર દિવસ મહિનો રહી ભગવદ્સ્મરણનો લાભ લે, તે માટે પણ ખાસ વિચારવામાં આવ્યું છે.



શ્રી બાબુભાઈ વોરાએ આ વિશ્રામગૃહના નિર્માણ, સજા-વટ ને પાણીના બોર વગેરેમાં થઇને આસરે રૂા. આઠેક લાખ જેટલો ખર્ચ થશે, અને એ માટે હજી લાખેક રૂપિયા-ની સહાયની આવશ્યકતા રહેશે એમ જણાવ્યું હતું. પૂ. માશ્રી સર્વેશ્વરીએ આના અનુસંધાનમાં કહ્યું હતું કે “શ્રી નરસિંહ મહેતાના જમાનામાં જ શામળશા શેઠ થયેલા એવું નથી. આજના જમનામાં પણ શ્રી શાન્તિભાઇ કનેરિયા અને બીજાઓએ અમારે માટે, પ્રભુ અને સદ્‌ગુરૂની પ્રેરણાથી શામળિયા શેઠની ગરજ સારી છે. એટલે અમને વિશ્વાસ છે કે અમારૂં કાર્ય સારી રીતે પૂર્ણ થશે, પ્રભુનાં કાર્યો પ્રભુજ પૂરાં કરે છે-ફક્ત કોક ભાગ્યશાળીને નિમિત્ત બનાવીને યશ અપાવે છે એટલુંજ.”

આ ઈમારતની રચનામાં સૌથી મહત્ત્વનો ફાળો ને માર્ગ-દર્શન સતત મહિનાઓ સુધી પરિશ્રમ ઉઠાવી શ્રી શાન્તિભાઇ મહેતા અને એમના સાથી ઈજનેર ભાઇઓએ પૂરો પાડ્યો છે. એમના માર્ગદર્શન વગર આ ઈમારત આટલી સુંદર ન બની શકી હોત. જમીનની પ્રાપ્તિમાં પાલનપુરના ખ્યાતનામ એડવોકેટ શ્રી. ઈશ્વરભાઈ શાહનો ફાળો મુખ્ય રહ્યો છે. આ ઈમારતનું બાંધકામ અંબિકા કન્સ્ટ્રકશન કું. ના ભાગીદારો શ્રી કુંવરજીભાઇ તેમજ શ્રી અશોકભાઇએ કર્યું છે. તેઓને પૂ. માશ્રી સર્વેશ્વરીએ ગરમ શાલો ને પુરસ્કારથી નવાજ્યા. જ્યોતિર્મયી વિશ્રામગૃહને ‘સ્વર્ગારોહણ’નું નામાભિધાન પ.પૂ. શ્રી યોગેશ્વરજીએ કરેલું. તેમજ આ જગ્યાની પસંદગી પણ તેઓએ પોતાનાં પુનિત પગલાંથી પાવન કરી, મા જગદંબાની અનુમતિ મેળવી કરેલી.

વળી આ સ્થાનમાં છેલ્લા બે વર્ષોમાં પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ સાધકો સાથે કેટલાય ચંડીપાઠ, રામાયણનું

પારાયણ, સમૂહમાં વિષ્ણુસહસ્ર સ્તોત્રો ને શિવમહિમ્નના પાઠો કર્યાં છે. આ બધા ધાર્મિક કાર્યક્રમોના પરિણામે અને પૂ. માના અનેક દિવસોના સતત સાધનાત્મક નિવાસોને લીધે, અહીંનું સમગ્ર વાતાવરણ એક અદ્ભુત ચેતનાત્મક પરમાણુઓથી સ્પંદિત થયેલું સાધકો અનુભવી શકશે. એ માટે જરૂર છે કેવળ આપણી પાત્રતા કેળવવાની અને અહીં આવી આ દિવ્ય ચેતનાત્મક આંદોલનોને અનુભવવાની.

કેટલાક સ્થાનોનોજ અદ્ભુત પ્રભાવ હોય છે. હમણાં થોડા દિવસો ઉપર અમે જગન્નાથપુરી ગયા. જગન્નાથ ભગવાનનાં દર્શનનું મહાત્મ્ય તો છેજ, પરંતુ તેનાં સુંદર ચેતનાસભર સ્થાનોમાં આદ્ય શંકરાચાર્ય મહારાજની ગાદી ને સ્વામીશ્રી યોગાનંદજીના ગુરૂ શ્રી યુકતેશ્વરનંદજીની સમાધિ છે. શ્રી શંકરાચાર્યજીના મઠના સ્થાનના ભોંયતળિયાના એ ઓરડામાં અમે જેવો પ્રવેશ કર્યો કે અમને ભારે ચેતનાત્મક સ્પંદનોનો જાણે કે સ્પર્શ થયો એવું અનુભવાયું. વાતાવરણની નીરવ શાંતિ સાથેની આ ચેતનાત્મક સ્પંદિતા એવી સઘન લાગી કે જાણે સ્થૂલ શરીરથી એ અનુભવી શકાઇ. અમને એથી ભારે આશ્ચર્ય થયું. વળી વિશેષ આશ્ચર્ય તો ત્યારે થયું જ્યારે અમારા સહયાત્રી શ્રી શાન્તિભાઇ કનેરિયાને પણ અમારા જેવોજ અનુભવ થયો અને એની અમને વાત કરી.

એટલે અમારી પ્રાર્થના સાધકોને એટલી છે કે આ કેવળ વિશ્રામગૃહ નથી, પરંતુ આધ્યાત્મિક ચેતનાનું પાવરહાઉસ છે, એ દૃષ્ટિએ સાધકો એનો લાભ લે અને અહીં આવી આત્મિક ચેતનાની જાગૃતિ પામે.

અંતમાં ફરી એકવાર આ સ્થાનને મહિમા ધરનાર મહાત્માશ્રી યોગેશ્વરજી, પૂ. માતાજી જ્યોતિર્મયી ને માશ્રી સર્વેશ્વરી ને અંબેમતાનો જય પોકારી વિરમુ છું.



# ઉદ્‌ઘાટન પ્રસંગે અવનવું

અતુલ કોન્ટ્રેકટર

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ જ્યોતિર્મયી વિશ્રામગૃહનું ઉદ્‌ઘાટન પ. પૂ. ગુરૂદેવ શ્રી યોગેશ્વરજીના સ્મૃતિ–કક્ષ–ધ્યાન-ખંડના પ્રવેશદ્વારે દીપ પ્રકટાવી કર્યું. તે પ્રસંગે ઉપસ્થિત સાધકોએ પોતપોતની યથાશક્તિ રોકડ સહાયની સરવાણી વહાવી તેની વિગત અન્યત્ર છાપવામાં આવી છે. આ સહાયનો આંકડો રૂા. ૧૯,૩૦૦નો થાય છે.

આ ઉપરાંત તે સમયે જે દાનોની જાહેરાત થઇ તેની વિગત નીચે મુજબ છેઃ—

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના સ્વ. પૂ. પિતાજી શ્રી કાલીદાસભાઇ ભક્ત, તેમજ પ. પૂ. સ્વ. માતાજી ભીખીબા દરેકના સ્મરણાર્થે રૂા. ૧૧,૧૧૧–૦૦ એમના મોટા ભાઇ શ્રી વામનભાઇ ભક્ત તરફથી.

* પરદેશમાં વસતા શ્રી ધીરુભાઇ ભક્ત કપુરા તરફથી રૂા. ૫૦૦૧

* શ્રી અંબિકા કન્સ્ટ્રકશન કું. તરફથી રૂા. ૫૦૦૧. (સ્વર્ગારોહણના કોન્ટ્રેકટરો)

* શ્રી જે. વી. શાહ, મુંબઈ તરફથી જન્મદિન નિમિત્તે રૂા. ૧૧૧૧ અને એમનાં પત્નીએ સોનાની વીંટી પૂ. માના ચરણોમાં ધરી દીધી. પૂ. માએ કહ્યું, "આ અંગુઠીને અમે શું કરીએ ? એમણે તુરતજ કહ્યું, "મા, વડોદરામાં પૂ. શ્રીનું જે સ્મારક કરો, તેના પાયામાં પંચધાતુને પધરાવો, તેમાં મારી આ વીંટી પધરાવજો. એ એનની કેવી ઉમદા ભાવના ! ધન્ય છે એમની ભાવનાને.

* ખેડબ્રહ્માની પરબ ઉપર કામ કરનાર જીવીબેન પ્રજા-

પતિ તરફથી ૧૨ સ્ટીલના ગ્લાસ.

રમાબેન કોન્ટ્રેક્ટર સુરત તરફથી ૬ ગ્લાસ, ૧ ડોયો ને એક બુજારૂ.

* ભાનુકુમાર નાયક, મુંબઈ ૧૨ થાળી ને બાર વાટકા.

આ ઉપરાંત બીજી જે જાહેરાતો થઇ તે નીચે મુજબ છે.

* શ્રી બાબુભાઇ રામજીભાઈ જામ્બુચા ભાવનગર, ૨૫ ગ્લાસ.

* શ્રી પરશુરામભાઈ રાવલ, અમદાવાદ ૨૫ ગ્લાસ.

* શ્રી લાલાજી વડોદરા તરફથી બાર તાળાં.

* કૈલાસબેન વિનુભાઈ જોષી, વડોદરા તરફથી ગેસનો ચુલો ને સીલીન્ડર (સાધકોને રસોઈ કરવાનું સુગમ રહે તે માટે.)

* એક બહેન તરફથી બાર જગ.

* એક ભાઈ તરફથી પંખાનો ખર્ચ.

* મોરબીના યોગેશ્વર-ટાઇમ તરફથી બે ઘડિયાળો દિવાલનાં.

* શ્રી અજય કલોલા, રાજકોટ તરફથી એક ઘડિયાળ દિવાલનું.

## અભિનંદનીય

* ઉદ્ઘાટન પ્રસંગે અંબાજી આવનાર સર્વે સાધકોને રવિવારે રાતે પૂરી શાક તથા સોમવારે મોહનથાળ, પૂરી, ફરસાણ બે શાક ને દાળભાતનું સુંદર ભોજન પૂ. મા-પ્રભુના ભક્ત દમયંતીબેન નરેન્દ્રભાઈ ઠાકર તરફથી આપવામાં આવ્યું હતું. એ પતિ-પત્ની બન્ને અભિનંદનના અધિકારી છે.

* ભાવનગરના ઉત્સાહી સાધક શ્રી બાબુભાઈ રામજીભાઈ પટેલે (જામ્બુચા) પ. પૂ. મહાત્મા શ્રીયોગેશ્વરજીની હયાતી દરમ્યાન આપેલ વચન પ્રમાણે વિશ્રામગૃહના મેનેજરની જવાબદારી વિના વેતન સંભાળી લીધી છે. તેઓ પણ અભિનંદનના અધિકારી છે.



# યોગેશ્વરજી–એક વિરલ વિભૂતિ

—ચંદ્રકાન્ત રાવ

ભારત દેશ સંતોનો પ્રદેશ છે. અનેક સંતો મહંતો આ ભૂમિમાં પાકયા છે જે દ્વારા જ્ઞાન-ધર્મની સરવાણી અહીં સતત વહેતી રહે છે. પૂજ્ય યોગેશ્વરજી આવી જ એક સરવાણી સમા હતા.

જન્મ તો એમનો બ્રાહ્મણ કુટુંબમાં. એટલે એ સંસ્કાર તો હોય જ. મુંબઈમાં વિદ્યાભ્યાસ કરતાં કરતાં જ આધ્યાત્મિક માર્ગે જવાની પ્રેરણા મળી અને હિમાલય પ્રયાણ કર્યું. હિમાલય કેટલા બધા મુમુક્ષુઓનું પ્રેરણા સ્થાન છે! ત્યાં યોગેશ્વરજીએ કઠિન તપશ્ચર્યા દ્વારા જ્ઞાન પ્રાપ્ત કર્યું. અને પછી ભગવાન બુધ્ધની જેમ દેશમાં પરિભ્રમણ શરૂ કર્યું— લોકોના દુ:ખો અધ્યાત્મના પીયૂષથી ઓછાં કરવા માટે. 'શાન્તિ પમાડે તેને સંત કહીએ' એ કથન યોગેશ્વરજીએ યથાર્થ સાબિત કર્યું. ત્રિવિધ તાપથી તપેલા અનેક સંસારી જીવોના તેઓશ્રી શાન્તિદાતા બન્યા.

તાડનું ઝાડ બહુ ઊંચું છે, પણ કોઇને છાંયો આપી શકતું નથી. વિશાળ વટવૃક્ષ છાંયો આપે છે પણ પોતાની નીચે અન્ય કશી જ વનસ્પતિનો વિકાસ એ થવા દેતું નથી, જ્યારે સમડીનું ઝાડ છાંયો આપે છે અને બીજા પાકને પોતાની નીચે ઉછરવા પણ દે છે. પૂ. યોગેશ્વરજી આવા હતા. પોતે મહાન ખરા, પણ એમની મહાનતા કોઇને દબાવી ન દે. વ્યક્તિની શક્તિને ખીલવા દેવી એ તો સંતનું કામ છે. आकृति कथयेत गुणान् એ વાત યોગેશ્વરજી વિષે કેટલી સાચી હતી! સૌમ્ય મુખાકૃતિ, હસતો ચહેરો-દેખાવે જ

સંત કરતાં સજ્જન પ્રથમ લાગે. गुणाः पूजास्थानं गुणिषु, न च लिंगं न च वयः। પૂજ્ય યોગેશ્વરજી તો ગુણ, જાતિ અને ઉંમર–બધી રીતે પૂજવા યોગ્ય હતા.

જેમણે જીવનમાં રામ, શંકર, બુદ્ધ, અંબામાતા સરસ્વતી-દેવી, જલારામબાપા, સાંઇબાબા, રમણ મહર્ષિ, નારદજી, જ્ઞાનેશ્વર અને ગાંધીજી જેવા અવતારી પુરુષો, સંતો, તપસ્વીઓ કે સાક્ષાત દેવ–દેવીઓની અનુભૂતિ કરી હોય, એમનાં દર્શન કર્યાં હોય કે એમની સાથે વાતો કરી હોય તેમની પોતાની મહાનતાનું માપ કેવી રીતે કાઢી શકાય ?! આટલી બધી દિવ્ય અનુભૂતિઓ કરનાર પૂ. યોગેશ્વરજી આપણા સમાજમાં એક વિચરતા તિર્થ હતા જે અનેકને સમ દર્શન અને કૃપાદૃષ્ટિથી કૃતાર્થ કરતા હતા. મા સરસ્વતીની તો એમના પર અસીમ કૃપા હતી. લગભગ બાણું ગ્રન્થોના રચયિતા યોગેશ્વરજીની કલમે ભજનો, સૂત્રો, મંત્રો, પત્રો, અધ્યાત્મિક વિવેચનો જેવું અનેકવિધ ગદ્ય–પદ્ય નીતર્યું છે જેનો આસ્વાદ કરનાર ધન્ય બની જાય છે. Know thy selfના બાઇબલ સૂત્ર અનુસાર પોતાની જાતને ઓળખનાર એક વીરલ સંત આપણી વચ્ચે, આપણે આપણને ઓળખીએ તે માટે પ્રયત્ન કરતા વિચરતા હતા कबीरा सो ही पीर है, बो बाना पर पीर–બીજાના દુઃખને જાણનાર જ સાચો પીર (સંત) છે. પૂજ્ય યોગેશ્વરજી આવા પરોપકારી સંત હતા. 'વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે' એ નરસિંહના કવન પ્રમાણે એ સમાજની પીડા જાણી એને હરવા મથતા સાચા 'વૈષ્ણવજન' હતા. कर्मण्ये वाधिकारेषु मा फलेषु कदाचन ના ગીતાસૂત્રને પૂજ્ય યોગેશ્વરજીએ એટલી હદે અપનાવ્યું કે નિષ્કામ ભાવે ગીતા પ્રવચન જેવી ઉત્તમ પ્રવૃત્તિ કરતાં કરતાં જ ભરસભામાં એમણે જીવનલીલા સંકેલી



લીધી ! યોગેશ્વર શ્રીકૃષ્ણના ભાગવતનું ગાન કરતાં કરતાં પૂજ્ય યોગેશ્વરજીએ પોતાની વાણીને બંધ કરી દીધી. કેવો યોગ ! એમણે લખી જાણ્યું, બોલી જાણ્યું અને બોલવાનું બંધ પણ કરી જાણ્યું ! બોલતાં તો ઘણાંને આવડે, બોલવાનું ક્યારે બંધ કરવું તે આવડે એ જ ખરો જ્ઞાની. યોગેશ્વરજીએ અંત સમયે પણ પોતે સાચા જ્ઞાની હોવાની પ્રતીતિ કરાવી.

भवन्ति नम्रस्तरवः फलागमैः। ફળ આવવાથી વૃક્ષ નીચાં નમે છે. તેમ જ્ઞાન રૂપી ફળના ભારથી લચેલું એમનું મનોવૃક્ષ ખૂબ નમ્ર બન્યું હતું. એટલે સુધી કે નાનું બાળક પણ એમના સાનિધ્યમાં અવચેન ન અનુભવે. ઉલટું At Home-નો આનંદ માણે !

આવા એક સંત, જ્ઞાની, સાહિત્યકાર, સમાજોદ્ધારક, પર-દુઃખભંજન, ભક્તવત્સલ, પ્રેરણાદાતા મહાપુરુષ આપણી વચ્ચે-થી ગયા, છતાં લાખો લોકોના હૃદયમાં અમર થઈ ગયા. વિભૂતિઓ તો અમર હોય છે. એમનાં મૃત્યુ જ મરી જાય છે. અન્યની જીવન સંજીવની જેવા દિવ્ય પુરુષોના જીવન તો અમર હોય છે. એમનો આત્મા તો ચિરશાંતિમાં અમરધામે જ બિરાજતો હોય છે. એવાં સંત યોગેશ્વરજીને કોટી કોટી વંદન–प्रज्वालितो ज्ञानमयः प्रदीपः એ પ્રાર્થના સાથે.

## સુધારો

જુલાઈ,૮૬નો અંકના ટાઇટલ પેજ ૨ ઉપર વિશ્રામગૃહને સહાયની યાદીમાં સરોજબેન શાન્તિલાલ પંડ્યા, વડોદરા ના રૂા.૨૦૧ ભૂલથી છપાયા છે. એમણે આપેલ ખરેખર સહાય રૂા.૧૧૦૧ છે.

## વાણી

વિરમ, વિરમો, વાણી-રાણી ! પ્રલાપ વૃથા કશા ?
અભિમત તમે પોતાને જે કથી શકતાં ખરાં ?
ગણિતગણતાં સ્વાર્થ, ભીતિ, હીણી અસૂયા અરે !
વણ અરથનાં ફીફાં ખાંડો, લીલા તવ સો વસા !
વિરમ, વિરમો, વાણી શાણી ! દલીલ પટુ અતિ ?
નિજ વડપણે રાચે, વાદે ભ્રમિત મતિ ગતિ !
સમય પર લોચાતી, કાળે અશુભ કશી ચગે !
ઋજુ હૃદયના વ્હેંવા ટાણે શિથિલ બને રગે
વિરમ, વિરમો, વાણી ! જાણી અદા અદકી ખરે.
રત રત સમે, ધારા જેવી પ્રસાદ ઉરે ભરે ?
અનુભવ અસિધારા જેવો કટાક્ષ-કઠોરતા,
હૃદય વિભવે કુણ્ઠા, ઘૃણા-પ્રપાત થતા છતા.
વિરમ, વિરમો શક્તિરૂપા ! લીલા પ્રગટો શમે,
પ્રગટ પ્રભુતા, માંગલ્યોની કલા પદ શું અમે !

ડૉ. રણજિત પટેલ.
(अनामी)



# સદ્‌ગુરુ મેળવવાનું સદ્‌ભાગ્ય

—એક સાધક બહેન

ઇશ્વરની ઇચ્છા ક્યાં અને કેવી રીતે જીવનમાં કૃપા કરે છે તેની ખબર પણ પડતી નથી. એ ધન્ય પળ ક્યારે આવે અને જીવનમાં ફેરફાર કરી જાય તે તો અનુભવથી જ ખબર પડે.

મારી નાની છતાં મહત્ત્વની ઇચ્છા પ્રભુએ કેવી રીતે પૂર્ણ કરી અને મને ધન્ય ધન્ય બનાવી તેની આ વાત છે.

એક દિવસ અમે અમારા એક સ્નેહીને મળવા માટે ગયાં. તેમના કબાટમાં ઘણાં પુસ્તકો હતાં, એમાં રાજકોટથી પ્રકટ થતું શ્રી રામકૃષ્ણ દેવનું જીવન ચરિત્ર, જે મારા હાથમાં આવ્યું. વિવેકાનંદજીનાં અમેરિકામાં આપેલાં ભાષણો પણ મળ્યાં. મનમાં થયું કે નવલકથાઓ તો ઘણી વાંચી પણ હવે અધ્યાત્મનાં પુસ્તકો વાંચું. આથી એ પુસ્તકો અમે ઘેર લાવ્યાં. શ્રી રામકૃષ્ણ દેવનું જીવન ચરિત્ર વાંચતા વાંચતાં મનમાં થયું કે વિવેકાનંદજી કેટલા બધા ભાગ્યશાળી કે તેમને પરમહંસદેવ જેવા ઈશ્વર સાક્ષાત્કારી પરમ સિધ્ધ પુરુષ તથા મહાન સંત, ગુરુરૂપે મળ્યા અને વિવેકાનંદને મહાન બનાવ્યા.

મનમાં વળી બીજો વિચાર આવ્યો કે આપણાં કેવાં કમ-ભાગ્ય છે કે અત્યાર સુધી કોઈ આવા સંત મહાત્માનાં દર્શનનો લાભ પણ મળ્યો નથી, તો ગુરુરૂપે તો એમના ચરણમાં બેસવાનું તો ક્યાંથી મળે ? વળી તે સિધ્ધ છે, સંત છે એ પણ આપણને કોણ બતાવે ને કોને પુછીએ ? ક્યાં મળે ?

આ વિચારોમાં લગભગ બે માસ પસાર થઇ ગયા, ત્યાં તો પરમ કૃપાળુ પરમાત્માએ એ ધન્યઘડી જીવનમાં લાવીને ખડી કરી દીધી. પૂજ્ય યોગેશ્વરજીનાં પ્રવચનો સંઘવી હાઇ-સ્કૂલના મેદાનમાં સાંભળવાનો અને તેમનાં દર્શન કરવાનો અમૂલ્ય અવસર સાંપડ્યો. તે પહેલાં આ મહાપુરુષનું નામ પણ અમે સાંભળેલું નહિ. દિવસો પસાર થતા ગયા અને પૂજ્યશ્રીને મોટી બિમારી આવી તથા પૂ. માતાજીનો સ્વર્ગ-વાસ થયો. ફરીથી લૉ કોલેજના મેદાનમાં પૂજ્યશ્રીનાં "ભક્તિયોગ" પરનાં પ્રવચનો સાંભળવાનો મહામૂલો અવસર મળ્યો. પૂ. શ્રી તરફનો પૂજ્ય ભાવ દિન-પ્રતિદિન વધતો ગયો અને જાણવા મળ્યું કે પૂજ્ય યોગેશ્વરજી તો પૂર્વજન્મમાં "રામકૃષ્ણ દેવ" હતા. "પ્રકાશને પંથે" વાંચ્યા પછીથી એમનામાં સિધ્ધપુરુષના દર્શનની ઝાંખી થવા લાગી, અને પૂજ્યશ્રીની કૃપાનો અનુભવ વારંવાર થવા લાગ્યો.

પૂજ્ય શ્રીના સાનિધ્યમાં બેસવાનું, એમની સાથે અધ્યાત્મ-ની વાતો કરવાનું સદ્ભાગ્ય પણ ઉત્તરોત્તર મળતું ગયું અને એક ધન્ય પળે એમનો અમારા ગુરુરૂપે સ્વીકાર થઇ ગયો.

પ્રભુએ અજાણતામાંજ કેટલી મોટી કૃપા કરી દીધી કે આજે હું પોતાને ધન્ય માનું છું. પ્રભુએ અમારા જેવા સામાન્ય, અધ્યાત્મથી વિમુખ જીવ ઉપર આટલી મોટી કૃપા-નો વરસાદ વરસાવ્યો કે એક ચોપડી વાંચતાં થયેલી નાની ઇચ્છાને પૂજ્ય શ્રીએ સાકાર રૂપે દર્શન આપીને અમને ધન્ય કરી દીધાં.

ગુરુદેવને શોધવા જવા પડતા નથી પણ સમય આવે તેઓ જ સામા આવે છે એ અમને અનુભવે સમજાયું.

પ્રભુ ગુરૂદેવને મારા લાખો પ્રણામ.



# પૂ. યોગેશ્વરજીની કૃપા

ડૉ. ભાનુકુમાર નાયક

પૂ. યોગેશ્વરજીને સર્વપ્રથમ હું ૧૯૭૭ માં તેઓ પ્રેમ કુટિરમાં ઊતર્યા હતા ત્યારે મારા પત્રકાર–મિત્ર મનુભાઇ દવેની સાથે મળ્યો હતો. તે વેળા એમની સમક્ષ ઘણાં માણસો બેઠેલાં હતાં. છતાં તેમણે અમને પ્રેમથી આવકાર આપ્યો. ને અમે જ્યારે ઉઠ્યા ત્યારે એમનાં બે-ત્રણ પુસ્તક ભેટ આપ્યાં. એમની આ પહેલી મુલાકાત વેળા જ લાગ્યું કે તેઓ કોઇ અસામાન્ય વિભૂતિ છે. તેમનાં પુસ્તકો વાંચવાથી એની પ્રતીતિ થઇ.

એ પછી તો બ્લેવેટ્સ્કી લૉજમાં તેમનાં પ્રવચનોમાં પણ હું જવા માંડ્યો. ત્યાં વળી મારા મિત્ર અને પૂ. શ્રીના સાથી વિઠ્ઠલભાઇ પંડ્યાએ મારો વ્યક્તિગત પરિચય કરાવ્યો. એ પછી પ્રવચન ચાલ્યાં ત્યાં સુધી હું ગયો ને પ્રવચન પૂરું થયે તેમને મળીને પ્રણામ કરતો.

પૂ. શ્રીનાં પુસ્તકોનો મેં મારા પત્ર 'જનશક્તિ'માં રીવ્યુ લીધો. તે પરથી મારા મિત્ર પ્રા. અશ્વિન મહેતાએ બીજા પુસ્તકો પણ રીવ્યુ માટે લાવી આપ્યાં, તેમાં પૂ. શ્રીની આત્મકથા 'પ્રકાશના પંથે' પણ હતી. મારા તંત્રી શ્રી. હરીન્દ્ર દવેના કહેવાથી મેં તેની સમીક્ષા કરી. એ વાંચી પૂ. શ્રી ખુશ થયા ને ઋણાનુબંધ વધુ ગાઢ થયો.

આત્મકથાની મારા પર ઘણી સારી છાપ પડી. મેં પૂ. શ્રીને એમના એક ભકત મુ. હરગોવિંદભાઇ ભટ્ટની મારફત પૂછાવ્યું કે આત્મકથાનો સંક્ષેપ કરવાની તેઓ મંજુરી

આપશે ? મને એમ થયું કે રૂા. ૫૦ ની કિંમતનું આવું મોટું પુસ્તક કેટલાં ખરીદીને વાંચી શકે, એટલે નાની આત્મકથા બનાવી હોય તો સસ્તામાં આપી શકાય.

પૂ. શ્રીનો જવાબ આવ્યો કે ગુજરાતીમાં સંક્ષેપ કરવાનું કામ શરૂ થઈ ચુક્યું છે. મરાઠીમાં કોઇએ કર્યું છે અંગ્રેજીમાં પણ થનાર છે. એટલે મને મારા હિંદીના જ્ઞાનની યાદ આવતાં મેં હિંદીમાં સંક્ષેપ માટે રજા મંગાવી. પૂ. શ્રીએ એ વાતની સંમતિ આપી. શ્રી હરગોવિંદભાઇએ એમના પરના પત્રમાં લખેલ એ વાત મને જણાવતાં આનંદ થયો.

૧૯૭૯માં પૂ. શ્રી વિદેશ યાત્રાએ જવા માટે મુંબઈ આવ્યા ત્યારે હું તેમને વડાલા ખાતેના તેમના નિવાસસ્થાને મળ્યો. ત્યારે મને તેમની પાસે ધરાવેલ એક સફરજન ભેટ આપીને આશીર્વાદ આપ્યા કે "તમારું કામ સફળ થશે." એ પછી ૧૯૮૦માં અમારા પત્ર 'જન શક્તિમાં' હડતાળ પડી. તેવેળા ઓફિસમાં જઇ માત્ર બેસી રહેવાનું હતું. આ સમયનો લાભ લઇ મેં મારા જન્મદિવસથી એટલે તા. ૯-૮-૮૦ થી 'પ્રકાશના પંથે'ના સંક્ષિપ્ત હિંદી અનુવાદનો પ્રારંભ કર્યો. રોજનાં ચોક્કસ પાનાનો અનુવાદ પૂરો કરવો એવો નિયમ બનાવ્યો-રાતે મોડું થાય, કોઈ બીજું આખીએ ઓફિસમાં હોય નહીં તો પણ એકલો ભૂત જેવો બેસીને મારું રોજનું કામ પૂરું કરીને જ જતો.

ચોમાસાના દિવસો હતા. ધોધમાર વરસાદમાં છત્રી હોય તો પણ ભીંજાયેલો મોડી રાતે ઘેર પહોંચતો. છતાં પૂ. શ્રીની કૃપાથી તબિયતને કોઇ વાંધો ન આવ્યો, ન તો એકલતા સાલી કે ન તો કોઇ ડર લાગ્યો. આમ નિયમિત કામ કરી મેં તા. ૧૦-૧૦-૮૦ના રોજ હિંદી સંક્ષેપ પૂરો કર્યો.



હિંદી અનુવાદ પૂરો કર્યા પછી મારા હિંદીભાષી મિત્રો ડો. પુનમચંદ અગ્રવાલ, પં. શેખમણિ મિશ્ર, વૈદ્ય માધવપ્રસાદ આચાર્ય અને દંત વૈદ્ય દેવેન્દ્ર કૌશિક પાસે તે સુધરાવી, ટાઇપ કરાવી, ફરી તપાસીને પૂ. શ્રી. ફરી જ્યારે મુબઈ માધવબાગમાં આવ્યા ત્યારે તેમને પુસ્તકાકારે ભેટ કર્યો.

પૂ. શ્રીએ એને મારી પાસે રાખી કોઇ પ્રકાશક ખોળીને તે છપાવવાની કોશીશ કરવા કહ્યું. મેં મારા મિત્રની મદદથી હિન્દી ગ્રંથ રત્નાકરવાળા શ્રી. યશોધર મોદીજી તેમજ શ્રી. પ્રેમશંકર શુકલના ગુરૂ મહાન હિંદી સાહિત્યકાર પં. સીતારામ ચતુર્વેદીજીની સલાહથી અન્ય પ્રકાશકોની સાથે બનારસના વિશ્વ વિદ્યાલય પ્રકાશનવાળા શ્રી. પુરુષોત્તમદાસ મોદીજીને લખ્યું. તેમણે હસ્તપ્રત મંગાવી વાંચીને છાપવા તૈયારી બતાવી. પણ એમ કરતાં બે ત્રણ વર્ષો વીતી ગયાં. એટલે કાગળ છપાઈનો ખર્ચ વધી ગયો.

પ્રકાશકે સંક્ષેપને વધુ સંક્ષેપ કરવા કહ્યું, મેં ૧૯૮૪માં ફરીથી સંક્ષેપ કરી આપ્યો. એ પછી એક વર્ષ નીકળી ગયું ને ઠેઠ ૧૯૮૬માં 'प्रकाश पथका यात्री' નામે હિંદી સંક્ષેપ થાય છે. એની પાછળ પણ પૂ. શ્રીની મારા ઉપરની કૃપા દૃષ્ટિ જ કામ કરી ગઈ છે.

## ડોકટર બન્યો

૧૯૭૯માં એમ. એ. મ્હૈસૂર વિશ્વવિદ્યાલયમાંથી પસાર કર્યા પછી મારે પી. એચ. ડી. કરવું હતું. ૧૯૮૦માં 'દાંડી યાત્રા'ની અર્ધ-શતાબ્દી આવતી હતી એટલે અને 'જનશક્તિ'ની શરૂઆત ૧૨મી માર્ચે થઇ હતી-દાંડીયાત્રાની તિથિએ. એટલે મને દાંડીયાત્રા પર થીસીસ લખવાનું મન થયું.

પરંતુ મને તેને માટે કોઈ ગાઈડ નહોતા મળતા. કારણ કે હું એમ. એ. માં ત્રીજા વર્ગમાં પાસ થયો હતો. ગાઈડ માટે હું મુંબઈ અને અમદાવાદમાં ઘણા પરિચિત પ્રોફેસરોને મળ્યો. કોઈએ મને ગાઈડ કરવાની તૈયારી ન બતાવી.

વલ્લભવિદ્યાનગર, ઉત્તરપ્રદેશ ને મધ્યપ્રદેશ, મ્હૈસૂર પણ તપાસ કરાવી. સૌએ એક જ જવાબ આપ્યો કે પી. એચ. ડી. કરવા માટે બીજા વર્ગમાં પાસ થવું પડે. તમે ફરીવાર એમ. એ. ની પરીક્ષા આપો. ફરીવાર પરીક્ષા તો આપું પણ ફરીવાર પણ બીજો વર્ગ ન આવે તો? મેં પી. એચ. ડી. થવાની આશા છોડી દીધી.

એવામાં અચાનાક મને યાત્રાનો લાભ મળ્યો. મારા મિત્ર રમેશ ગુપ્તા ગંગોત્રીમાં યોજાએલ ભાગવત્ પારાયણ માટે જતા હતા. તેમની સાથે ગંગોત્રી-જમનોત્રી ને બદરી-કેદારની યાત્રાનો લાભ મળ્યો. ગંગોત્રીમાં સિદ્ધ મહાત્માઓનાં દર્શન થયાં.

પૂ. પૂર્ણાનંદજી, કૃષ્ણાનંદજી, હંસદેવજી, સીતારામ, મૌનીબાબા, સીતારામ ફલાહારીનાં દર્શન કર્યાં. અપાર આનંદ થયો.

યાત્રાનું ફળ, મહાત્માઓના આશીર્વાદ ને પૂ. શ્રીની મહાન કૃપાને લીધે હું મુંબઈ પાછો ફર્યો ત્યારે મારા મિત્ર ડો. પ્રેમશંકર શુક્લ મારફત તેમના મિત્ર ડો. પી. એમ. ઉપાધ્યાએ મને ગાઈડ કરવાનું સ્વીકાર્યું. તેઓ 'પ્રાચીન ભારતીય સંસ્કૃતિ' (એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર) ના ગાઈડ હતા. મેં દાંડીયાત્રાના વિષયને તેમના વિષય સાથે જોડી દીધો. મારો વિષય હવે 'દાંડીયાત્રામાં પ્રાચીન ભારતીય



સાંસ્કૃતિક વિચાર ધારા' (એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચરલ થોટ ઈન મહાત્મા ગાંધીઝ દાંડીયાત્રા) થયો. મારું નામ રજીસ્ટર કરાવતી વેળા પારલે કોલેજના ઉપાચાર્ય શ્રી. દેવ સાથેની વાતચીતમાં જ્યારે મેં કહ્યું કે મેં પૂ. શ્રી. નું પુસ્તક હિંદી-માં અનુવાદિત કર્યું છે, ત્યારે તેમણે જ પોતે કહ્યું કે "પૂ. યોગેશ્વરજીના આશીર્વાદથી જ તમારું થીસીસનું કામ થયું છે."

મેં એ વેળા જ પૂ. શ્રીની કૃપાનો અનુભવ કર્યો. તેમની કૃપાથી મારે માટે તો અસંભવ સંભવ બન્યું. મેં પૂ. શ્રી. ને જ્યારે મેં પી. એચ. ડી. નું રજીસ્ટ્રેશન કરાવ્યાની વાત લખી ત્યારે એમણે ફરીથી આશીર્વાદ મોકલ્યા કે તમારું કામ સફળ થશે.

અને દાંડીયાત્રાના તદ્દન નવા વિષયમાં પણ માત્ર બે જ વર્ષમાં હું કામ પૂરું કરી શક્યો એમાં એમના આશીર્વાદ જ કામ કરી ગયા.

મારી એક ઇચ્છા એવી હતી કે હું ડોકટર થઈ જાઉં પછી જ પૂ. શ્રીનું પુસ્તક પ્રકટ થાય તો સારું.

હું 'ડોકટર' બન્યો. થીસીસમાં પણ પૂ. શ્રીની આત્મ-કથાનો ને 'ઉપનિષદ્નું અમૃત'માંથી ઘણો આધાર લીધો. મારો થીસીસ વખાણાયો તેની પાછળ પણ તેમનું જ બળ હતું.

પૂ. શ્રીના બ્રહ્મલીન થવા અગાઉ માધવબાગમાંનાં પ્રવચનો-માં માર્ચ ૧૯૮૪માં હું હાજર હતો. પૂ. શ્રીનાં લખેલાં પુસ્તકોનું વેચાણ કરતા સ્ટોલ ઉપર સેવા આપતો હતો. પ્રવચનની શરૂઆત પછીના થોડા દિવસોમાં પૂ શ્રીએ પૂછ્યું હતું કે હિંદી પુસ્તક ક્યારે પ્રકટ થશે? મેં કહ્યું હતું કે મેં પ્રકાશકને પૂછાવ્યું છે જવાબ તમે અહીં છો ત્યાં સુધીમાં લખે એમ પણ લખ્યું છે. જવાબ આવ્યે તમને જણાવું છું.

પરંતુ પૂ. શ્રીએ મારી ભાવના જાણી લીધી હશે. એટલે પોતાની હાજરીમાં પુસ્તક પ્રકટ થાય એવી ઈચ્છા છોડી દીધી. અને ૧૯૮૫માં હું ડૉકટર બન્યો તે પછી જ આ વર્ષે ૧૯૮૬માં પુસ્તક પ્રકટ થઈ રહ્યું છે. પૂ. શ્રી ભકતોની ભાવના-નો કેટલો ખ્યાલ રાખે છે એ આ વાત પરથી પ્રકટ થાય છે.

માધવબાગમાં પ્રવચનો પૂરાં થયાં પછી કાંદીવલીમાં પ્રવચનો શરૂ થવાનાં હતાં. મેં ત્યાં પણ જવાનો વિચાર કર્યો જ હતો. પણ પહેલે દિવસે થોડું મોડું થઈ ગયું ને દૂર જવાનું હતું એટલે આળસી ગયો.

રાતે ૧૨ વાગે પ્રવાસીમાંથી મારા મિત્ર ને જૂના સાથી પત્રકાર રમેશ જાદવનો ફોન આવ્યો કે પૂ. શ્રી. ની તબિયત ગંભીર છે. તેમની જીવનકથા ને ફોટો હોય તો લઇને આવો. હું તરત જ ઓફિસે પહોંચ્યો. ત્યાં પૂ. શ્રી. બ્રહ્મલીન થવાની વાત સાંભળી. મેં પ્રવાસી માટે રીપોર્ટ તૈયાર કરી દીધો ને ફોટો આપ્યો જેમાંથી સુંદર બ્લોક બન્યો. બીજે દિવસે એકલા 'પ્રવાસી'માં જ વિગતે, ફોટા સાથે, અહેવાલ પ્રકટ થયો. ભક્તોને આનંદ થયો. મને પણ કંઇક કર્યાનો સંતોષ થયો.

પૂ. શ્રી. ના દર્શને કાંદીવલી બાબુભાઇ મહેતાને ત્યાં ગયો ત્યારે એક દિવસ અગાઉ કાંદીવલી નહીં આવવાનો અફસોસ થયો.

સ્વ. બાબુભાઇ મહેતાએ લખેલ છેલ્લા દિવસનું વર્ણન અને પૂ. શ્રીનું છેલ્લું પ્રવચન પણ વિશ્વવિદ્યાલય પ્રકાશન-વાળા શ્રી. મોદીજી દ્વારા સંપાદિત હિંદી માસિક 'મુમુક્ષુ' માં મોકલ્યું ને છપાવ્યું.

બાબુભાઈ પણ એકજ વર્ષમાં પૂ. શ્રી. ની પાછળ જ સ્વર્ગવાસી થયા ! વિધિની લીલા અકળ છે.



# સદ્‌ગુણી સ્વભાવ કરવા મનુષ્યે શું કરવું !

સં. : સ્વ. પ્રપન્નલાલ કાજી

[નોંધઃ-પૂજ્ય શ્રી યોગેશ્વરજીના બેસંટ હોલમાં ઘણા વખત પર આપેલા એક ભાષણનો ટૂંકસાર.]

આવો સ્વભાવ કરવામાં પુરુષાર્થની પ્રથમ આવશ્યકતા છે. ઉત્તિષ્ઠ જાગ્રતથા. કોઈ નિદ્રાધીન જીવન ગાળી સંત સ્વામી કે યોગી કે સદ્‌ગુણી થયો નથી. સતત પુરૂષાર્થનું એ પરિણામ છે.

જીવનમાં સંતોષ રાખવો પડે, સંતોષી નર સુખી શાંતિમય અને સદ્‌ગુણી હોય છે. લોભ અસંતોષથી આવે છે. ક્રોધ ન ધાર્યું થવાથી આવે છે. ધાર્યું ન મળવાથી આવે છે. ન્યાયી બનવું. અન્યાય પોતાને થતો હોય તો સહનશીલતાનું શસ્ત્ર અને બીજાને થતો હોય તો તેની સુરક્ષાનું શસ્ત્ર વાપરવું, સત્યનું દૃઢમનસા વાચા કર્મણા પાલન એ પણ ખૂબ જરૂરી છે.

સંસારને સાચા સ્વરૂપે સમજવો જોઇએ, સંસાર છોડી દોડી જવાય નહિ કારણ કે સદ્‌ગુણનું પાલન કરવા માટે સંગ અને સમૂહ જોઇએ. સાચા સ્વરૂપે સમજવાથી સંસાર અસાર ન લાગે, ઈશ્વરનાજ વૈભવ અને ઐશ્વર્યનો પ્રદેશ છે એમ પ્રતીતિ થાય.

પ્રભુ પ્રાપ્તિની તીવ્ર તમન્ના અને ગમે તે કષ્ટ તપ વેઠીને પ્રાપ્ત કરવાની તૈયારી જોઈએ. શીર સાટે પણ સર્વેશ્વર સસ્તો છે. સ્થાનનો મહિમા અદ્‌ભુત છે. એ અધ્યાત્મનું કેન્દ્ર એ

તીર્થજ હોઈ શકે. ધ્યાન માટે ચીવટાઈ તો એ અધ્યાત્મ કેન્દ્રનું મન છે, મનની ખોટી ખાસયતો છોડવી પડે. ટેવ છોડે તે દેવ બને. દાન માટે હંમેશા ઉદારતા રાખવી જોઈએ, કારણ હૃદય એ પણ અધ્યાત્મનું કેન્દ્ર વિકસવું જોઈએ. સ્નાન એ અધ્યાત્મ કેન્દ્ર શરીરને શુચિ રાખવા માટે જરૂર છે, દાન એ ધનનો સાબુ, ધ્યાન એ મનનો અને સ્નાન એ તનને શુદ્ધ કરનાર સાબુ છે.

સાધના વગર સિદ્ધિ નથી. સદ્‌ગુણી સ્વભાવ બજારમાં ભૌતિક કિંમતથી ન મળે, એની ભેટ તો ઈશ્વર પણ ન આપે. સાધના દ્વારા શરીરથી પર જવા માટે. પાણી ઉપર ચઢાવવા માટે યંત્ર જોઈએ, તેમ મનથી પર જવા મંત્ર અને હૃદયની શુદ્ધિ માટે ધ્યાન આવશ્યક છે.

બને તેટલું એકાંત મેળવો. એકાંતમાં પણ ટ્રાન્ઝીસ્ટર જેવું મન ના લઈ જાવ. એકાંત સેવી, એકાંત પ્રેમી થાઓ, ગીતા સ્થિતપ્રજ્ઞ થવાનું એક લક્ષણ બતાવે છે.

ટાઢ, તાપ શરીરને, માન અપમાન મનની પર આવે છે. ત્યાગ શરીરથી, વૈરાગ મનથી રાખવો જોઈએ. અખૂટ ધૈર્ય, અવિરત પ્રયત્ન અને એક જીવનમાં ન સદ્‌ગુણી બનાય તો અનેક જિંદગી સુધી રાહ જોવી પડે, બીજાના દોષ જોવા નહિ. ગુણ દૃષ્ટિ, ગુણદોષ દૃષ્ટિ, દોષગુણ દૃષ્ટિ અને દોષ દૃષ્ટિ ગુણ પરજ ભાર દે, પણ દોષ દેખે તો ગુણ દોષ દૃષ્ટિ દોષ પર ભાર દે અને ગુણ જુએ દોષ દૃષ્ટિ, ગુણજ જુએ અને દોષ જ જુએ, એ ગુણ દૃષ્ટિ અને દોષ દૃષ્ટિ વાણીમાં મુલાયમતા સત્યં પ્રિય હિતકરં હર્ષકરં વાણી જોઈએ. એ અંદરની સ્વસ્થતા વગર ન આવી શકે. આત્માને કેન્દ્રમાં રાખીને બધી ઇંદ્રિયો



તથા મનનો ઉપયોગ એ સાચું જીવનમાં અધ્યાત્મ ઉતર્યું કહેવાય, મમતા, અહંતા તો આસક્તિથી અધઃપતનના નીચે જવામાટેનાં પગથિયાં છે-પરમાનંદ પ્રાપ્તિ એ જીવનનું સાચું ધ્યેય ગણે, તો સદ્‌ગુણી સ્વભાવ વગર એ અશક્ય છે. પ્રસન્ન-ચિત્તમાંજ પરમાત્માની પ્રાપ્તિ સંભવે છે.

ચિંતા કરવાથી કાંઈપણ લાભ નથી, માટે ચિંતાથી મનને મુક્ત રાખી કર્તવ્ય કરવામાંજ ચિત્ત રાખવું.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૨
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨

# ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યા (૩)

પ્રા. જનાર્દન દવે.

पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवाव शिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ઉપનિષદોમાં પાંચ બાબતો પર ખાસ વિચાર કરવામાં આવ્યો છે, (૧) બ્રહ્મનાં પુરુષવિધ અને અપુરુષવિધ સ્વરૂપો. અર્થાત્ સગુણ અને નિર્ગુણ બ્રહ્મ. દસ મુખ્ય ઉપનિષદોમાં સગુણ બ્રહ્મ તો પરિચિત હોવાથી નિર્ગુણ પર વધુ ચિંતન જોવા મળે છે. કેન ઉપનિષદ્ તો વારંવાર કહે છેઃ-

यन्मनसा न मनुते येनाहुर्मनो मतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥

મન જેના વડે મનન કરી શકે છે પણ મન વડે જેનું માપ કાઢવું શક્ય નથી તેને જ તું બ્રહ્મ જાણ. આ કે જેની તું ઉપાસના કરે છે તેટલું જ બ્રહ્મ નથી.

यद्वाचानभ्युदितं येन वागभ्युद्यते ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥

વાણીવડે જેનું વર્ણન શક્ય નથી, પણ વાણી જેની શક્તિ વડે ઉદિત થાય છે તેને તું બ્રહ્મ જાણ. આ કે જેની તું ઉપાસના કરે છે તેવું ને તેટલું જ બ્રહ્મ નથી.

આમ ઉપનિષદો બ્રહ્મના વધુ સૂક્ષ્મ, અતીન્દ્રિય તત્ત્વ તરફ વધુ અંગુલિ નિર્દેશ કરે છે. જીવનભર મૂર્તિપૂજા તો અવશ્ય કરવી-દેવ, ગુરુ, બ્રહ્મજ્ઞાનીઓ, સંતો સર્વથા ને સદા પૂજ્ય તો અવશ્ય, પણ આ સામેની મૂર્તિ કાષ્ઠમયી, ધાતુમયી



કે શીલામયી જ માત્ર નથી પણ સર્વ વ્યાપક ચેતનનું ઉપાસના માટે એક પ્રતીક છે એમ માની તેનું આલંબન લઇ મૂર્તિ વડે કે સ્વરૂપવડે તેના અનંત ઐશ્વર્યને સર્વ વ્યાપી શુદ્ધ ચેતન ભણી જવાનું તો કરવું જ પડશે.

સાંભળ્યું છે કે એક બ્રાહ્મણ શ્રીહનુમાનજી મહારાજની બાર વર્ષ સુધી ઉપાસના કરી થાકયો. શ્રીહનુમાન પ્રભુએ તેને કોઈ અનુભવ ન કરાવ્યો એથી થાકી તેણે શ્રીહનુમાનની પ્રતિમાને ઉપરના ગોખલામાં ચડાવી દીધી ને શ્રીગણપતિ મહારાજની પરમસુંદર પ્રતિમા લાવી બીજા દિવસથી સેવા કરવા માંડી. બધા ઉપચારો થતા હતા તેવામાં ધૂપ અર્પણ કરવાનો વિધિ આવતાં પેલા બ્રાહ્મણે અગરબત્તી પ્રગટાવી શ્રીગણપતિ મહારાજને મંત્રોચ્ચારપૂર્વક ધૂપ સમર્પણ કર્યો પણ બ્રાહ્મણના આશ્ચર્ય વચ્ચે અગરબત્તીની ધુમ્રરેખા ગણપતિ તરફ જવાને બદલે ઉપર ટાંકામાં મૂકી દીધેલા શ્રીહનુમાનજી તરફ જવા લગી.

બ્રાહ્મણ રોષે ભરાયો-તે કહેવા લાગ્યો, "બાર બાર વર્ષો સુધી હનુમાન, તમારી સેવા-કરી ને તમે કંઇ બદલો ન વાળ્યો અને હવે આજે આ ગણપતિબાપાને ધરેલી અગરબત્તીનો ધૂમાડો તું લઇ જાય છે. તે ત્યારે લેતો જા" એમ કહી દીવો કરવા જે રૂ રાખેલું તેનાં પુમડા બનાવી હનુમાનજીના નસ્કોરાં-માં ને કાનમાં સુદ્ધાં ઠાંસી દીધા.

હનુમાન તો તુરત જ સામે પ્રગટ થયા, બોલ્યા "વરદાન માગ" પેલો બ્રાહ્મણ કહે "કાં હવે કેવો ઠેકાણે આવ્યો ?" હનુમાન કહે "હું તો ઠેકાણે હતો જ-તું હવે ઠેકાણે આવ્યો. અત્યાર સુધી તું મને કોઇ દિવસ તારી પૂજાના પદાર્થો હું સ્વીકારું છું એમ અનુભવ જ કર્યા કરતો હતો. તું તો મને

પત્થર માની નવડાવતો હતો–પણ હું સાક્ષાત્ પ્રત્યક્ષ હનુમાન છું એવું તેં ક્યારેય માનેલું? તેં આજ અનુભવ કર્યો કે તારી અર્પણ કરેલી અગરબત્તીની સુગંધ હું લઉં છું માટે હું પ્રકટ થયો.”

આ રીતે સામેની મૂર્તિ તો વ્યાપક સચ્ચિદાનંદ બ્રહ્મનું પ્રતીક છે. એવો ભાવ રાખી પ્રતીકના આધારે પરમમાં જવાય. પ્રતીકમાં જ અટકી જવાનું નથી.

તો ઉપનિષદોનો પહેલો વિષય છે સગુણ-નિર્ગુણ બ્રહ્મ-તત્ત્વ પ્રતિપાદન, પાછળના, રામતાપનીય, ગોપાલતાપનીય, નૃસિંહ તાપનીય, દેવી અથર્વશીર્ષ, ગણેશ અથર્વશીર્ષ વગેરેમાં તે તે ઇષ્ટદેવોનાં મંત્રો, તેના મંત્રોદ્ધાર, તેના યંત્રો, તેના સગુણ વર્ણનો ઇત્યાદિ સામગ્રી ઉપરાંત તેમાં પણ તેનાં અલૌકિક, દિવ્ય, ષડૈશ્વર્યસંપન્ન, સર્વવ્યાપક, અંતર્યામી પરમ એવા તાત્ત્વિક પાસાંઓ પણ વર્ણવેલાં જોવા મળે છે. ઉપનિષદોમાં બીજી ચર્ચા જીવતત્ત્વ અંગે જોવા મળે છે. જીવો વાસ્તવમાં બ્રહ્મના અંશ જ છે કે અંશ જેવા છે એ બાબતમાં જ્ઞાન માર્ગના આચાર્યો અને ભક્તિ માર્ગના આચાર્યોમાં ભારે મતભેદો જોવા મળે છે. ઉપનિષદોમાં જીવને બ્રહ્મનો અંશ જણાવતા મંત્રો પણ ઠીક ઠીક પ્રમાણમાં છે એમાં શંકા નથી, તો બીજી બાજુએ જીવ બ્રહ્મનો અભેદ દર્શાવતા મંત્રો પણ એટલી જ મોટી સંખ્યામાં છે. ભક્તિમાર્ગની સમગ્ર ભૂમિકા જ ભાવ પ્રધાન હોઈને પૂજ્ય પૂજક, સ્વામીસેવક સંબંધ તેમાં અત્યંત સ્વાભાવિક ગણાય. જેમનું હૃદય સરલ, ભાવભીનું, અને સુકુમાર વૃત્તિઓ વાળું છે તેઓ પોતાના ભાવજગતના, આરાધ્ય ઈષ્ટદેવને પોતાના સ્વામી માની પોતાને તેના અંશરૂપ માની વર્તે એમાં જરાયે ખોટું નથી. આ



બાબતમાં મહારાષ્ટ્રના સંતોનું વલણ પ્રશંસનીય રહ્યું છે. જ્ઞાનેશ્વર મહારાજ, એકનાથ મહારાજ, તુકારામ મહારાજ, આદિ સંતોએ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જીવ બ્રહ્મનો અભેદ સ્વીકારી લીધો છે–જીવ બ્રહ્મથી અલગ નથી. માત્ર અવિદ્યાને કારણે જ તે પોતાને પરિચ્છિન્ન અને કર્તાભોક્તા માની જન્મ જરા મરણાધીન માને છે. પરમાર્થતઃ એ બ્રહ્મરૂપ જ છે આવું જ્ઞાનદૃષ્ટિએ માની લઇને આ સંતો વ્યવહારની ભુમિકાએ તો ભક્તિને મોટામાં મોટું આલંબન માનીને અર્ચન, નામસ્મરણાદિને ખૂબ મહત્ત્વ આપે છે અને વ્યવહારના જગતમાં જ્ઞાનનો આધાર સેવવાને બદલે ભક્તિને વધુ દૃઢતાથી વળગી રહ્યા છે; એનું કારણ એવું પણ લાગે છે કે જ્ઞાન માર્ગમાં ને તેમાંયે અહંગ્રહ ઉપાસનામાં આગળ જતાં કોઈ આરાધ્ય ઇષ્ટની આવશ્યકતા ન હોવાથી, પોતાના જ્ઞાનબલે જ સર્વગ્રંથીઓનો વિપ્રમોક્ષ કરવો પડતો હોઇને ક્યારેક તેમાં કોઈ પળે પતનનો પણ ભય રહેલો છે. એટલે જ શ્રીઆદિશંકરાચાર્યજી જેવા કેવલાદ્વૈતના આચાર્ય પણ जीवो ब्रह्मैव नापरः એમ સ્પષ્ટ ઘોષણા કરતા હોવા છતાં પોતે આજીવન એક મોટા ભક્ત ઉપાસક રહ્યા છે. તેમની પરંપરામાં આવતા આજના શંકરાચાર્યો પણ પૂજન–અર્ચન–સ્તોત્ર પાઠ, જપાદિ અનુષ્ઠાનમાં પરાયણ રહ્યા કરે છે. તુકારામ મહારાજ પણ આથી જ કહે છે,

आधि केला सतसंग
तुका झाम्या पांडुरंग
त्यागे स्मरण राहि ना
मूल स्वभाव जाई ना

સત્સંગ વગેરે દ્વારા હે પાંડુરંગ, હું બરાબર સમજ્યો છું કે તું અને હું જુદા નથી, એક જ છીએ પણ મને ભજન

કરવાની ટેવ પડી છે એ છૂટતી નથી એનું શું ?

કેવલાદ્વૈત વેદાંતના ઉચ્ચ કોટિના જ્ઞાનમાર્ગીય આચાર્યો-એ પણ બીજા બધા સાથે અભેદ રાખવો પણ ગુરુ અને હરિ તો સર્વદા આરાધ્ય છે અને તેમની સાથે તો સ્વામીસેવક સંબંધ જ રખાય એવું ભારપૂર્વક માન્યું છે. આ સમાધાન સંપૂર્ણ પણે સલામત અને શ્રેયસ્કર છે એમ અમારું માનવું છે.

## ક્ષમા યાચના

અધ્યાત્મના ગ્રાહકોને જુલાઈ, ૮૬નો અંક અમારા અણધાર્યા યાત્રા પ્રવાસ અને તે પછી અમારી થોડી નાદુરસ્ત તબીયતને લીધે છ દિવસ મોડો રવાના થઇ શક્યો, તે બદલ દિલગીર છીએ.

અધ્યાત્મનું અત્યાર સુધીનું સંપાદન કામ એકલે હાથે થતું રહ્યું છે. તે કાર્ય હવે પછી પણ સારી રીતે થતું રહે તે માટે આપ સહુની શુભેચ્છા, સહકાર તેમજ આશીર્વાદ અમે માંગીએ છીએ. પ્રભુ ને ગુરુદેવ એ માટે અમને શક્તિ ને બુદ્ધિ આપે, તેવી હૃદયપૂર્વક પ્રાર્થના છે.

—તંત્રી



# ભોગેચ્છા

સંકલનઃ-ઈશ્વરભાઈ એમ. શાહ

(પ.પૂ. સ્વામી શ્રી સંપૂર્ણાનંદજી બાપુના સત્સંગમાંથી)

"ભોગેચ્છા" આ સંધિ છે. ભોગ+ઈચ્છા. સંધિમાં 'ઇ' નો 'એ' થાય છે. એટલે ભોગ+ઇચ્છા=ભોગેચ્છા.

ઈશ્વરે ૮૪ લાખ યોનિઓ બનાવી. તે પણ અચેતન હતો. એટલે તેને ચેતનવંતી કરવા ભગવાન પોતે જે ચેતનસ્વરૂપ છે, તે પોતે તેમાં પ્રવેશ્યા. જેથી બધી યોનિ ચેતનવંતી બની. આ કારણે પત્થરની મૂર્તિને ચેતનવંતી કરવા પ્રાણ–પ્રતિષ્ઠા છે.

પ્રાણપ્રતિષ્ઠા તેજ કરી શકે કે જે પોતે સદા ચેતન છે, જડ કોઇ કાલે નથી તેવી દૃઢતા જેને હોય તે. હવે પ્રાણ-પ્રતિષ્ઠામાં ઉદાનવાયુને પકડીને મૂર્તિમાં પ્રવિષ્ટ કરાવવાનો હોય છે. જે થતાં મૂર્તિ ચેતનવંતી બને છે.

હું તમારી મુશ્કેલી સમજુ છું એટલે કહેવાનો કે ઉદાનવાયું શું છે. ? શરીરમાં પાંચ વાયુ છે. દરેક વાયુનું કાર્ય જુદુ જુદુ છે. પ્રાણ, અપાન, ઉદાન, વ્યાન અને સમાન. આમાં જે ઉદાન વાયુ છે તેનાથી તમારૂં સમષ્ટિ સાથે સંધાણ રહે છે. આ વાયુ વ્યક્તિ અને સમષ્ટિને જોડી રાખે છે. તે નાશિકામાંથી ઉપર મસ્તક તરફ જાય છે. જ્યાં સમષ્ટિ જગત છે.

સમષ્ટિ જગતમાં શબ્દ છે, સ્પર્શ છે, રૂપ છે, રસ છે, ગંધ છે, ક્રોધ છે, કામ છે, લોભ છે, ઉદારતા છે. ટૂંકામાં વિકારો તેમજ સારા ગુણો સમષ્ટિ જગતમાં છે.

સમષ્ટિ જગત જે તમારી આસપાસ ખાલી આકાશ છે તે છે. તેમાં પણ સુક્ષ્મ જગત છે. કારણ જગત છે. ઘણાં જગતો

છે. તે જાણવાનો કોઇ અર્થ નથી.

સુક્ષ્મ જગત સાથે તમારૂ સુક્ષ્મ શરીર, સ્થૂલ જગત સાથે તમારૂં સ્થૂલ શરીર, કારણ જગત સાથે તમારૂં કારણ શરીર આ બધાને જોડે છે વાયુ, તેનું નામ છે–ઉદાનવાયુ.

હવે તમારે ઘરે તમારા બાબાના હાથમાંથી ટ્રે છટકી જતાં નીચે પડી અને ટ્રે કપ ડીસો ફુટી ગયાં. એટલે તમે બાબા ઉપર ક્રોધ કરશો. ક્રોધ પોતાની મેળે નથી આવતો. ક્રોધને લાવવો પડે છે. આ ક્રોધ કર્યો એટલે તમારા શરીરરૂપી રેડિયામાં ક્રોધનું સ્ટેશન પકડાયું એટલે સુક્ષ્મ જગતમાં જ્યાં ક્રોધનો ભંડાર છે ત્યાંથી તમારા શરીરરૂપી રેડિયા ઉપર ઉદાનવાયુ લાવવા માંડે છે. અને તમને ક્રોધમાં વધુ ક્રોધી બનાવે છે. કારણ કે ક્રોધનું સ્ટેશન ખોલ્યું છે.

આ પ્રમાણે લોભ, કામ, ઉદારતા, પ્રેમ, ક્ષમા, બધા સ્ટેશન શરીરરૂપી રેડિયામાં છે. ખોલવા તમારા હાથમાં છે. બંધ કરી દે છે ઇશ્વર.

જેવા તમે ક્રોધનો વાલ્વ ખોલો છો, તેવોજ ઇશ્વર બંધ કરવાનું કામ શરૂ કરે છે. આ કારણે કોઈ ક્રોધ, કામ, લોભ ક્ષમા, ઉદારતા લાંબો સમય નથી રહેતાં. ઈશ્વર તરતજ જ્ઞાનનો વાલ્વ ખુલ્લો મૂકી દે છે. કે તરતજ જ્ઞાન કહે છે 'જે ફુટયાં તે "નહિં ફુટયાં" નહિં થાય. નકામો ક્રોધ બાળક ઉપર ન કર. ટ્રે કિંમતી છે કે બાળક? લાખો ટ્રે હોય પણ બાળક ન હોય તો! શું કિંમત છે ટ્રેની? માથાકૂટ મૂક, ગાંડો ન થા. તેં પણ નાનપણમાં ફોડ્યાં છે."

આ ઉદાનવાયુથી અમે જોઇ શકીએ છીએ કે કોઇ માંદો માણસ મરશે કે નહિ, ઉદાનવાયુ જો ઝાટકાથી ચાલતો હોય તો તેનું ૭૨ કલાકમાં મૃત્યુ અવશ્ય થાય છે.



પછી ઇશ્વરે માનવ બનાવી તેમાં પણ પ્રવેશ કર્યો. અને માનવને પોતાનાજ જેવો જોઈ ખુશી થતાં તેને સ્વતંત્રતા આપી કે હે માનવ, તારે શું કરવું કે શું ન કરવું. તેમાં હું હસ્તક્ષેપ નહિ કરૂં. તું સ્વાધીન અને સ્વતંત્ર છે. પછી ઈશ્વરને થયું કે માનવ મને કેમ જાણી શકશે?

એટલે ઈશ્વર છે સત્–ચેતન તો ઈશ્વરે સત્–ચેતન જાણવા અસત્ અને અચેતન શરીર આપ્યું. શરીર આપ્યા પછી તેની આગળ બે વસ્તુ મૂકી (૧) ભોગ અને (૨) યોગ.

ભોગ ભોગવવા તું સ્વતંત્ર છે યોગ માણવા પણ તું સ્વતંત્ર છે પણ તું જ્યાં અસમર્થ બનીશ ત્યાં હું મદદે આવીશ. કારણ કે મારૂં નામ છે સર્વ–સમર્થ. માનવી કહે, Thank you.

માનવ ગર્ભમાંથી બહાર નીકળતાંજ તેને બનાવનાર બ્રહ્માને ભૂલી ગયો. હવે જન્મ થઇ ગયો, બ્રહ્માનું શું કામ છે? એટલે બ્રહ્માનું મંદિર ન બનાવ્યું.

વિષ્ણુ પોષણ કરે છે, ભોગ આપે છે, એટલે વિષ્ણુને મહત્ત્વ આપી, વિષ્ણુનાં મંદિર બનાવ્યાં.

ભોગ છીનવાઈ ન જાય, ભોગનું સુખ જતું ન રહે, આ માટે મૃત્યુની બીકે ભયના કારણે–શંકરનાં મંદિર ગામેગામ બનાવ્યાં.

હવે આપણો વિષય છે–ભોગ ઇચ્છા શું છે? અને તેની નિવૃત્તિ કેમ થાય?

ભોગો તમે બધાજ ભોગવ્યા છે. અનેક જન્મોમાં તમે. વનસ્પતિ, જીવ, જંતુ, વૃક્ષો, પશુ–પક્ષી માનવદેહ બન્યા છે. અને દરેક ભોગ ભોગવ્યા. છતાં ભોગ તો ભોગવી લીધા પણ

ભોગના સુખનો રાગ હજુ ચિત્તમાં છે, તે નવા જન્મો અપાવ્યાજ કરે છે.

ભોગનો રાગ જાય તો ભોગ જાય. ભોગ કોઇ ખરાબ નથી. રાગજ ખરાબ છે. જનક જેવો ભોગી મળવો મુશ્કેલ છે પણ રાગ કાંઇજ નહિ.

ભોગનો રાજા, પણ રાગ બીલકુલ નહિ. એનું નામ છે જનક. આજે આવો કોઇ હોયતો તે પણ જનક છે. અને સીતા તેની દીકરી આજે પણ છે.

૧ સ્વાભાવિક લાલસા } આ બે સમજી લેવાં જરૂરી છે.
૨ અસ્વાભાવિક ઇચ્છાઓ

સ્વાભાવિક લાલસા તે ઈશ્વર પ્રાપ્તિની હોય છે. સ્વાભાવિક લાલસાની પૂર્તિ થાયજ છે. તમારો જન્મસિદ્ધ હક્ક છે. જ્યારે અસ્વાભાવિક ઇચ્છાઓની પૂર્તિ થતી નથી. તમારા હાથમાં નથી.

ઈશ્વરથી દેશ, કાળની દૂરી નથી. સદા પ્રાપ્તજ છે. વર્તમાનનું કામ છે. મળશેજ કારણ કે ૨૪ કલાક સદા, સર્વત્ર, સર્વમાં છે. તેનાથી દૂરી-ભેદ-ભિન્નતા સંભવજ નથી. માત્ર લાલસા જગાડો.

લાલસા જગાડો (૧) છે, છે અને છેજ, બાકી શરીર વસ્તુ, જગત નથી, નથીજ (૨) મારી જાતનો છે. (૩) મારૂં તેનું સ્વરૂપ એક છે. (૪) મારો નિત્ય સંબંધ છે. (૫) સદા, સર્વત્ર સર્વમાં છે. તો મારામાં અને અહીં અત્યારેજ છે. (૬) વર્તમાનમાંજ મળે. ભવિષ્યની આશા પ્રમાદ છે.

લાલસાનું નામજ વૈષ્ણવ સંપ્રદાયમાં "ઠાકોરજીની" સેવા છે. લાલસાથીજ બ્રહ્મ સંબંધ સાચો થાય છે. ઠાકોરજીની સેવા શું છે? છે-છે-છે, તે પ્રથમ નક્કી કરવું પડે. પછી



મારા ઠાકોરજીને દૂધ જોઇશે, (ચા નહિ). દુબળા પડી જાય. દૂધ એકલું નહિ-કેસરવાળું. આ પ્રમાણે સવારથી રાત સુધીની જે સેવા છે તે લાલસા છે.

૧૯૬૨માં શ્રીનાથજી ગયેલ. પછી ત્યાં સેવા ઉપર પ્રવચન કર્યું. તો બધા વૈષ્ણવ ખુશ થઇ ગયા. અને કહે, સ્વામીજી, અમારા ગુંસાઈજીના નામે છપાવવા દો. વૈષ્ણવ સંપ્રદાય મને ખૂબ ગમે છે. પણ તેનો મર્મ કોઈ જાણતા નથી. આજે અભ્યાસ બની ગયો છે, પરંતુ ભાવ જતો રહેલ છે.

તેમ ઇચ્છા કરો છો ત્યારે ભૂલ તે થાય છે કે તમે તેના ભોકતા બની જાવ છો. ભોગની ઇચ્છાઓજ ભોકતામાં છે. ભોગનો કર્તા ભોકતા છે. હવે તમે પોતેજ સ્વીકૃતિ કરી લ્યો છો કે હું ભોક્તા છું. આ કારણે રાગ-દ્વેષ છે.

ભોગ કરો પણ હું ભોકતા છું તેવો ભાવ ન કરવો. આમાં શું હરકત છે? ભાવનોજ પ્રશ્ન છે. તો તરતજ થશે કે તો શું માનવું?

હું સાધક છું, હું ભોકતા નથી. કેરીનો ભોગ કરૂં છું પણ હું તો સાધક છું મારે કેરીને શું છે? જે ભોકતા હશે તે કેરીનો સ્વાદ લેશે. આ પ્રમાણે તમે કરી તો જુઓ.

સાધકનો ભાવ કરશો તો સામે સાધન, સાધ્ય આવશે. ભોકતાનો ભાવ કરશો તો સામે ભોગ અને ભોગના સુખનો રાગ આવશે. બોલો-કયું ગમશે? સાધકનો ભાવ. તો આ કરવામાં માત્ર ભાવનોજ પ્રશ્ન છે. કરી જુઓ.

તમે એવા પ્રમાદી થયા છો કે ચીલા ઉપરથી જરા પણ ખસવુંજ નથી. જાણો છો છતાં. એટલે હું પ્રમાદ કહું છું. તમે ૧૪ કલાક ભોગજ ભોગવો છો. યોગ તો મૂકયો છે નેવે. ઠીક, ભલે યોગને મૂકયો. પણ ભોગમાં ભોકતા બનતાં સાધક-

નો ભાવ તો રોજ કરો. છ મહીને ભોક્તા જશે. ભોગ જશે. રાગ જશે. આ મારી ગેરંટી છે.

(૧) સાધકઃ– અહમ્–તમે

(૨) સાધનઃ– પ્રિયતા, આ પ્રિયતાનેજ હું ભક્તિ કહું છુ.

(૩) સાધ્યઃ– પ્રેમાસ્પદ પ્રભુ–પ્રેમનો ભંડાર.

આ ત્રણે શબ્દો તમે જાણો છો. પણ તેને સંબંધ શું તે જાણતા નથી.

સાધન અને સાધ્ય એક છે. સાધ્ય જે છે તે સાધન. સાધ્ય ઈશ્વર છે–પ્રેમ છે–તો આ પ્રેમજ સાધન છે. આ પ્રેમ સાધનથીજ અભિન્ન થવાય છે. સાધનને સાધ્યથી જુદુ માને તે સાધક નથી.

| સાધક | સાધન | સાધ્ય |
| --- | --- | --- |
| અહમ્ | કર્તવ્ય પરાયણતા | ઈશ્વર જે જગત છે તે. ત્યાં ઈશ્વરને જગત માનવાનું છે. |
| તમે | (કર્મયોગ) | |

| | |
| --- | --- |
| ઈશ્વર જગત છેઃ– કર્મયોગ. | સેવા મુખ્ય છે. જેમાં બધાને મારા માનવાના છે. |
| ઈશ્વર જ્ઞાન છેઃ– જ્ઞાનયોગ | આમાં કોઈને મારા નથી માનવાના. |
| ઈશ્વર ઈશ્વર છેઃ– ભક્તિયોગ. | જગત–કર્મ શરીર–આત્મા બધુજ ઈશ્વર માનવાનું છે. માત્ર માનવાની જ વાત છે. |
| સાધક સાધન સાધ્ય<br>અહમ્ પ્રિયતા પ્રેમ | જ્યારે અહમ્ ઓગળી જઈ પ્રિયતા બને પછી સાધન પણ છૂટી છેલ્લે પ્રેમ રહે છે. |

જીવન છે શું ? હું સ્ત્રી, વૈષ્ણવ, બી. એ. ફલાણાની



પત્ની, હું આ ગામની, આવી બધી સ્વીકૃતિઓ તે છે જીવન.

સ્વીકૃતિઓ કરતાં તો આવડે છે. તો આ સ્વીકૃતિ કરો કે હું સાધક છું. ભોક્તા નથી. તો તમારૂં જીવનજ સાધન બનશે.

કર્મયોગ-સેવા કરવી–આ તમે સાધન સ્વીકારી, નવરા પડો ત્યારે સેવા કરશો. જ્યારે બાકીના ટાઈમમાં ભોકતા રહો છો. સંપૂર્ણ જીવન સાધન ન બને ત્યાં સુધી ફળ ન મળે.

"સાધક છું." ત્રણે કાળમાં ભોકતા નથી. ભોગને સંબંધ શરીર સાથે છે. હું શરીર નથી. (ઉંધે માથે લટકવાનું નથી) માત્ર માન્યતા સ્વીકૃતિજ કરવાની છે.

તમને જંગલમાં ગયા વિના ભક્તિ થાય નહિં. ભૂખ્યા રહેવા સિવાય ભગવાન મળે નહિ. એકાંતમાંજ ભગવાન મળે. ઝાઝાથી ભગવાન શરમાય. આવી ખોટી ખોટી હજારો માન્યતા કરી જીવન નષ્ટ કરેલ છે.

સુષુપ્તિમાં તમે ભોકતા નથી. તો ત્યારે ભોગનો પ્રશ્નજ નથી. ભોગ તમારી પાછળ એટલો પડ્યો છે કે તમે ભોકતા છો તેમ માની લીધું છે ભોકતા કાર્ય છે તો કારણ શું ? દેહાભિમાન.

ભોગનું પરિણામ અરૂચિ છે. ભોગથી અતીત તમારૂ વાસ્તાવક એક જીવન છે. તેની રૂચિજ ભોગની અરૂચિ કરવી છે. ઈશ્વર મદદે આવ્યા.

દીકરાને સ્વતંત્રતા આપી છે. શું કરવું. શું ન કરવાની. સામે થાળ બે પીરસ્યા છે. એક ભોગનો, બીજો યોગનો. દીકરો ભોગમાં મશગુલ થાય છે કે તરતજ ભગવાન રૂક્ષ્મણી પાસેથી ઉઠ્યા અને ભોગનો વાટ્વ ફેરવ્યો. તો ભોગની અરૂચિ યોગની રૂચિમાં ફેરવાઈ ગઈ.

(ક્રમશઃ)

## મારૂં મનડું (ગાન)

મારું મનડું તીરથ થાજો,
કણ કણમાં જ્યાં પ્રભુજી વસતા,
જાપ વિભુનો ક્ષણ ક્ષણ શ્વસતા,
હરિવર હેતે જ્યાં ત્યાં હસતા–
એવું મનડું થાજો
મારું મનડું તીરથ થાજો.
ડગલે ડગલે તપનો ધૂપ હો,
ચરણે ચરણે શિવસુંદર હો,
સત્ય સનાતન સંગી જ્યાં હો–
એવું મનડું થાજો
મારું મનડું તીરથ થાજો.
પાવન સમીરણ ફરફર થાયે,
સાત્ત્વિકતાનાં ગીત એ ગાયે,
પ્રભુ દર્શનની લગન લગાયે–
એવું મનડું થાજો,
મારું મનડું તીરથ થાજો.
પ્રભુ પ્રીતથી જનજન છલકે,
પ્રભુ વિરહથી મનમન તલપે,
શ્યામ સુંદર બસ સઘળે મલકે–
એવું મનડું થાજો
મારું મનડું તીરથ થાજો,

—મધુરમ

*



# જ્યોતિર્મયી વિશ્રામગૃહને સહાય

તા ૨૧-૭-૮૬ પહેલાં અંબાજી ખાતેના વિશ્રામગૃહને જે સહાય મળેલ તેની વિગત નીચે મુજબ છેઃ–

રૂા.
૧૦૧-શ્રી મહેન્દ્રભાઇ ઠાકર, ભાવનગર.
૪૩૦ શ્રી નરેન્દ્રકુમાર મિસ્ત્રી.
૧૦૦૧ શ્રી અમૃતભાઈ વી. વોરા, અમદાવાદ.
૧૦૦૦ પટેલ બેચરદાસ દેવનગરવાળા, અમદાવાદ.
૧૦૧ નાનુભાઇ સી. દલવાડી, અમદાવાદ.
૩૭૦ મંગળાબેન પબારી, યુ. કે.
૧૮૫ ભીખુભાઈ સી. પટેલ, બોલ્ટન.
૧૦૦ એક સાધક તરફથી.
૩૦૧ શ્રી નટવરલાલ મોદી, કલકત્તા.
૧૪૦૦ અજીત એમ. શાહ, અમદાવાદ.
૧૪૦૦ શ્રી જે. સી. શાહ, અમદાવાદ.
૨૦૧ સરસ્વતીબેન અશ્વિનકુમાર ઇજનેર, અમદાવાદ.
૧૦૦ જયાબેન પટેલ.
૧૦૦૧ ગુલાબબેન છેલભાઇ રાવલ, અમદાવાદ.

*

ગુરૂ પૂર્ણિમાના મંગલદિન, જ્યોતિર્મયી વિશ્રામગૃહના ઉદ્‌ઘાટનના દિવસે જે રોકડ સહાય સાધકો તરફથી પ. પૂ. માશ્રી સર્વેશ્વરીને મળી, તેની વિગત નીચે મુજબ છે. સર્વે સહાયકોને અભિનંદન અને શુભાશીષઃ–

રૂા.
શ્રી જે. પી. મીસ્ત્રી.–કડીપાણી. ૫૧

| | |
|---|---|
| શ્રી ઠાકોરલાલ છગનલાલ જંખુસરીયા. | ૫૧ |
| શ્રી બી. બી. વીણુ. | ૨૫ |
| સ્વ. જમનાબેન માધવભાઇ તથા માધવભાઇ કાલીદાસના સ્મરણાર્થે—અંભેળી. | ૨૦૦૧ |
| માલીબેન ગોકળભાઇ ભક્ત–સરઇ. | ૧૫૧ |
| યોગેશ્વર ધ્યાન કેન્દ્ર હ. વિજયભાઇ રાણા–વડોદરા. | ૫૦૧ |
| શ્રી સત્સંગ સાહેલી મંડલ–બોરીવલી. મોકલનારઃ-ઇંદીરાબેન પંડ્યા–મુંબઇ. | ૫૧ |
| મીના પ્રકાશભાઇ કોટેચા–વડોદરા. | ૧૫૧ |
| ઇશ્વરભાઇ શાહ–વડોદરા. | ૫૧ |
| હરિચંદ્ર મગનલાલ કોન્ટ્રાકટર વલ્લભ વિદ્યાનગર. | ૫૧ |
| નિર્મળાદેવી શશિકાંત પુણેકર–છોટાઉદેપુર. | ૧૦૧ |
| કસ્તુરબેન મોનજી ગણાત્રા–રાજકોટ. | ૧૦૧ |
| મહિલા મંડળ–સ્યાદલા. | ૧૨૫ |
| સુનીલાબેન વસંતભાઇ ભક્ત–સ્યાદલા. | ૨૫ |
| ગુલાબબેન હેમંતભાઇ–સ્યાદલા. | ૨૫ |
| શ્રી સી ડી. શાહ–સ્વ. દીપકકુમાર શાહના સ્મરણાર્થે–અમદાવાદ. | ૧૧૧૧ |
| શ્રી મહેન્દ્રભાઇ ટી. વ્યાસ. માતુશ્રીના સ્મરણાર્થે–વડોદરા. | ૧૫૧ |
| શ્રી સી. એમ. સોની–અંબાજી. | ૧૦૧ |
| શ્રી ધ્રુવકુમાર કલોલા–રાજકોટ. | ૫૦૧ |
| શ્રી ચંપાબેન પટેલ–વડોદરા. | ૨૫૧ |
| શ્રી ખુશાલભાઇ મિસ્રી–ઇંગ્લેંડ. | ૧૦૦૧ |
| શ્રી બાલુભાઇ પટેલ–ભાવનગર. | ૫૦૧ |
| શ્રી ઇશ્વરભાઇ શાહ–પાલનપુર. | ૧૧,૧૧૧ |
| શ્રી કાન્તિલાલ પરીખ–વડોદરા. | ૧,૧૧૧ |



# મહાત્મા શ્રી યોગેશ્વરજી

બાબુભાઇ વોરા

મહાત્મા યોગેશ્વરજી કેવળ ભારતના જ નહીં, પરંતુ સમગ્ર સંસારના આધ્યાત્મિક ક્ષેત્રના મહાપુરુષ થઇને રહ્યા. હવે તો તેઓના સદુપદેશનું ફલક આખી દુનિયાની–બધી જ ભૌગોલિક દિશા પ્રદિશામાં વિસ્તરેલું છે.

આજના યુગને અનુરૂપ–અલૌકિક અધ્યાત્મિક મહાકાર્ય કરવા માટે જ–કહો કે એઓનું અવતરણ આ અવની ઉપર થયેલું. એમણે અનેકોના જીવનમાં પ્રેરણા ભરી, મૂરઝાયેલાં જીવનોને સંજીવની અર્પી, રસહીન જીવનવાટિકાઓને મહેંકતી કરી. તેઓએ આજના જગતને આત્મિક જ્ઞાન અને વૈરાગ્યની અનુપમ જ્યોતિ આપી–એવી અસાધારણ જ્યોતિ કે જે કદી બૂઝાય નહિ, કદી જેનો નાશ ન થાય, વળી જેનો પવિત્ર પ્રકાશ માનવજાતિના મ્લાન આત્માને આલોકિત કરે, જીવન ધરે, અને સાધનાનો પંથ પ્રદર્શિત કરી, પોતાના વાસ્તવિક મૂળભૂત સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી, જીવનને પ્રશાન્તિથી પુલકિત કરે.

કેવળ ભૌતિક સુખોને જ સર્વસ્વ માની બેઠેલી ભારતીય જનતાને–કહો કે સમગ્ર માનવજાતને–ચેતવી. લોકો ખોટા માર્ગે જઇ રહ્યા છે, તેઓએ કહ્યું છે કે જીવનનું લક્ષ્ય કેવળ ભૌતિક સુખોપભોગ હોઇ શકે નહિ, આત્મિક શાન્તિ તો ફક્ત ત્યાગ, તિતિક્ષા ને તપથી મળે, ભોગથી નહિ, પણ યોગથી મળે. અને આ વાતો એમણે પોતાના જીવનમાં અનેક કષ્ટો વેઠી, આચરી બતાવી. કહો કે પૃથ્વી પર ભારત-

ની ઋષિકાલીન સંસ્કૃતિનો સંદેશ આપવા માટે જ એમને પ્રભુએ પસંદ કરી મોકલ્યા. પરિણામે ધર્મને નામે ચાલતી અનેક રૂઢ અને ખોટી માન્યતાઓ દૂર કરવાનું મહત્ત્વનું કામ તેઓએ પોતાનાં પ્રવચનો અને પુસ્તકો દ્વારા કર્યું. એ સેવા નાનીસૂની નથી. અનેક પેઢીઓ સુધી એમાંથી માનવજાત પ્રેરણા મેળવતી રહેશે.

આપણે ત્યાં કેટલાક વિચારકો અને સમાજસેવકો ક્રાન્તિની વાતો તો કરે છે, પરંતુ સમાજની નવરચનાની શકયતાઓ તેમને નથી જણાતી. સંસારમાં એવી ઘણી ક્રાન્તિઓ થઇ જે લોહીયાળ હતી, પરંતુ માનવના પાયાના પ્રશ્નોનું સુખદ સમાધાન આજ સુધી નથી થયું અને એ સમસ્યાઓ એમની એમ આજેય ઉભી છે.

આથી જે મહાપુરુષ આ પાયાની સમસ્યાઓનો શાંતિમય ઉકેલ સૂચવી શકે, તેને માટે ભારત જ શા માટે, સમસ્ત સંસાર ગૌરવ લઇ શકે.

માનવ હંમેશ સુખ અને શાન્તિની ઝંખના રાખે છે. પરંતુ આ સુખ-શાંતિ એને શી રીતે પ્રાપ્ત થાય, એ માટે શું કરવું જોઇએ, શું છોડવું જોઇએ–એની એને સમજ નથી. એથી એ અંધારામાં ફાંફાં મારે છે, અને કોકવાર સાચી દિશાને બદલે ઉલટી દિશામાં પ્રયાણ કરવા છતાં માને છે કે એ પ્રગતિ કરી રહ્યો છે!

આથી જ શાશ્વત સુખશાંતિની અભિલાષા રાખતી ને ખોજ કરતી, સંત્રસ્ત બનેલી ભૌતિક ઉત્કર્ષને જીવનનું સારસર્વસ્વ સમજતી અને અનેક પ્રકારની નાની મોટી સમસ્યાઓમાં સપડાયેલી માનવજાતિ માટે એમણે આપેલો સંદેશો



તથા સાધનાની પદ્ધતિ આદર્શ અને અનુકરણીય છે. એનાથી જેમને પણ આત્મોન્નતિમાં રસ છે એવા સાધકોને પૂર્ણતાના પથ પ્રવાસી થવામાં એ જરૂરથી ઉપયોગી બનશે.

પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની સાધના એકાંગી ન હતી. એમના જીવનમાં જ્ઞાન, ભક્તિ અને યોગનો સુભગ સમન્વય હતો અને એથી જ કોઇપણ માર્ગે સાધના કરતા સાધકના પ્રશ્નો એ સરળતાથી સમજી શકતા અને એ સંબંધે સુભગ માર્ગદર્શન પણ પૂરું પાડતા. આમ છતા એમણે પોતાના નામે કોઇ નવો પંથ ચલાવવાની કે સિદ્ધિઓના પ્રદર્શનો કરવાની કદી ખેવના નથી રાખી. તેઓ કહેતા કે "આધ્યાત્મિક ક્ષેત્રમાં એવું કશું નથી, જેનું સંશોધન એક કે બીજા પ્રકારે આપણા પ્રાતઃસ્મરણીય મહાપુરુષોએ કે ઋષિમુનિયોએ ન કર્યું હોય. અમે જે કંઇ કહીએ છીએ તે શાસ્ત્રસંમત છે અને અમારી સ્વાનુભૂતિઓના આધાર ઉપર કહીએ છીએ."

એઓ ખૂબ સરળ, સાદા ને શાંત હતા. બીજાઓને પોતાની વિદ્વતા, જ્ઞાન કે યોગની શક્તિઓથી પ્રભાવિત કરવાના ક્ષુદ્ર આશયથી પ્રેરાઇને એમણે કદી કોઇ દાવા કર્યા નથી કે મોટી મોટી ગુલબાંગો પોકારી નથી. તેમજ જગતનો ઉદ્ધાર કરવાનો કે વિશાળ જન મંડળોને આંજી દેનારા આશ્ચર્યચકિત કરનારા પ્રયોગો પણ તેઓએ નથી કર્યા. એમણે ફક્ત માનવની સુષુપ્ત આત્મશક્તિને જાગ્રત કરવાનું, સદ્‌વિચારો અને ભાવોથી મંડિત થવાનું, પરોપકારી ને સ્વાશ્રયી જીવન જીવવાનું અને પોતાની આત્મોન્નતિ માટે બીજાઓ સામે ન તાકતાં, સાધનાનો આધાર લઇ જીવનને આત્માભિમુખ કરવાનો સંદેશ પૂરો પાડ્યો છે. એમનું સમગ્ર જીવન જ એમના ઉપદેશની આવૃત્તિ સમાન હતું. એઓ

જે કહેતા એજ કરતા, એજ પ્રમાણે જીવતા. એમના વાણી, વર્તન અને વ્યવહારમાં સંપૂર્ણ એકરૂપતા હતી, જે આજે બીજાઓના જીવનમાં બહુ ઓછી જોવા મળે છે. અંતરમુખ થયા સિવાય આત્માનુભૂતિ શકય નથી; એમ એ કહેતા.

વળી આ સાધનાના પુરસ્કર્તા તરીકે એમણે ગુરૂભાવ ધારણ કરવાને બદલે બીજાના મમતાળુ માર્ગદર્શક બનવાનું પસંદ કર્યું. એમણે કહ્યું છે "સૌ પ્રથમ તમારી જાતને ઓળખો અને તમે જેને હું કહો છો તેનો સાક્ષાત્કાર કરો. 'હું કોણ છું' એ ઓળખી લેશો એટલે તમારી બધી જ સમસ્યાઓનો અંત આવી જશે."

પૂ. મહાત્માજી કહેતા કે વિશ્વના વિશાળ રંગમંચ ઉપર આપણને એ માટે મોકલવામાં આવ્યા છે કે આપણે પરમાત્માને ઓળખીએ. પરમ શાંતિ, મુક્તિ ને પૂર્ણતા પ્રાપ્ત કરીએ. પરંતુ સંસારના પ્રલોભનાત્મક પદાર્થોના ભોગ બનીને, આપણે આપણા મૂળ સ્વરૂપને ભૂલી ગયા છીએ. આ સંસારમાં આવીને મોટાભાગના માનવો આત્મસાક્ષાત્કાર કે પ્રભુપ્રાપ્તિના લક્ષ્યને ચૂકીને આડ વાતોમાં અટવાઇ જાય છે ને જીવન પૂરું થતાં ખાલી હાથે પાછા ફરે છે. કોઇક વીરલા પુરુષો જ પ્રકૃતિના રંગરાગથી રંગાયા સિવાય સાંસારિક પદાર્થોની વિનાશશીલતા સમજી, પ્રભુના પંથે પળે છે, પોતાનું જીવન ધન્ય કરે છે ને બીજાઓને પ્રેરણા પાય છે.

પૂ. મહાત્માજી આત્માની અખંડ અનુભૂતિમાં વાસ કરતા છતાં છેક જ સાદા અને સરલ હતા. એમનું જીવન પ્રકાશમય અને પારદર્શક હતું. તેઓ ખૂબ નિખાલસ ને નમ્ર, પૂર્ણતામાં પ્રતિષ્ઠિત છતાં સહેજ પણ અક્કડ કે અંહકારયુક્ત ન હતા. એમને સંપૂર્ણ સિદ્ધિઓ વરેલી હોવા છતાં એનું



કોઈ અભિમાન ન હતું. એમણે ભારતિય ધર્મના સારતત્વને જીવનમાં ઉતાર્યું હતું. બધા જ ધર્મોમાં જે સારૂં તેના તેઓ પુરસ્કર્તા હતા. તેઓ કોઈ એક સંપ્રદાય કે વાડાના નહિ, પણ સાચા અર્થમાં વિશ્વમાનવ હતાં.

એમને શિષ્યો મૂંડવામાં, સંપ્રદાય સ્થાપવામાં કે અનુયાયીઓ ભેગા કરવામાં રસ ન હતો. તેઓ ધાર્મિક પ્રવચનો કરતા, આમ છતાં એ પ્રવૃત્તિને આવશ્યક નહોતા માનતા. સમાજ પોતાનું પોષણ કરે છે, એટલે યજ્ઞભાવથી એમની હરેક પ્રવૃત્તિ પ્રેરિત હતી. સમાજે એમને જે આપ્યું છે, તેના કરતા લેખન તેમ જ આચરણદ્વારા એમણે અનેકગણું સમાજને આપ્યું છે, જે આવતી અનેક પેઢીઓ સુધી માનવો માટે મૂલ્યવાન વારસો સાબિત થશે.

આવા એક મહામાનવ જેવા મહાપુરુષનો પ્રત્યક્ષ પરિચય અમને જીવનમાં સાંપડ્યો, એમનો પ્રેમ પામ્યા ને એમના જીવનસંદેશને યથાશક્તિ જીવનમાં ઉતારી એના પ્રસારણ માટે પુરુષાર્થ કરવાનું સદ્ભાગ્ય મળ્યું–એને અમારૂં પરમ સૌભાગ્ય માનીએ છીએ. એટલે જ એમનાં શ્રીચરણોમાં એમના જન્મદિને અમે પ્રેમાંજલિ ધરીએ છીએ.

સારા નસીબે પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી પોતાનો આધ્યાત્મિક વારસો પરમ પૂ. મા શ્રી સર્વેશ્વરી જેવાં ભગવતી સ્વરૂપ તપસ્વીનીના હાથમાં સોંપી ગયા છે. એના પરિણામે પૂ. શ્રી નો જીવનસંદેશ વધુ વ્યાપક પ્રમાણમાં માનવ સમુદાયોમાં ફેલાવા માંડ્યો છે અને અનેક જીવોના કલ્યાણનો માર્ગ મોકળો બન્યો છે. એ એમની દિવ્ય શકિતનું જ પરિણામ છે.

# અમારા પૂ. માતાજીને શ્રદ્ધાંજલિ

નારાયણભાઇ જાની

અમારા પૂ. માતાજી નર્મદાબાઈનો સ્વર્ગવાસ તા. ૧/૮/૮૬ના રોજ રાત્રે અમારે ગામ બ્રહ્મપુરી. તા–ઈડર ખાતે થયો. તા. ૧૭/૭ થી ૩૦/૭ સુધી અમે એમની પાસે હતા. પરંતુ ઓગસ્ટ માસના અધ્યાત્મના માસિક માટે, અમારે ભાવનગર આવવું પડે એમ હતું, એટલે અમે તા. ૩૦/૭ના રોજ ભાવનગર આવ્યા આમ એમના અંતિમ સમયે એમની પાસે ન રહી શકવાનું દુઃખ થયું. પરંતુ પ્રભુની જેવી મરજી.

અમારા માની ઉંમર ૯૨ વર્ષની હતી. જીવનનાં છેલ્લા શ્વાસ સુધી તેઓ સંપૂર્ણ શુદ્ધિમાં હતાં અને તેમનાં આંખ, કાન, દાંત સર્વે સારા હતા. માત્ર છેલ્લા સવા મહિનાથી તેઓ પડી જવાથી ઉઠી બેસી શકતાં નહિ. પથારીવશ હતાં જે એમને ગમતું નહિ.

એ ભણેલાં ન હતાં, છતાં પોતાની મેળે થોડું લખતાં વાંચતાં શીખેલાં–એમનું સમગ્ર જીવન પરિશ્રમ અને પરિસ્થિતિઓના સંઘર્ષથી ભરેલું હતું. માત્ર છેલ્લાં સાત–આઠ વર્ષથી એમને દમનો વ્યાધિ હોવાથી, તેમનું સ્વાસ્થ્ય કથળ્યું હતું.

અમારા ગુરૂદેવ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીને છેક વિદ્યાર્થી અવસ્થાથી ઘણા દિવસ સુધી ભોજન રાંધીને ખવડાવવાનું સૌભાગ્ય એમને મળેલું. એમને મન–ખવડાવવાનું મહત્ત્વ ઘણું હતું, કહો કે એમને દ્વારેથી કદી કોઈ ભૂખ્યું જતું નહિ એમાંજ એમને જીવનનો આનંદ લાગતો, એ



અન્નપૂર્ણા જેવાં હતાં.

અને અમેનું ભાગ્ય તો જુઓ ! તા.૨૨/૭/૮૬ એટલે ગુરૂપૂર્ણિમાના બીજા દિવસે એકાએક પ.પૂ. માશ્રી સર્વેશ્વરી છેક અંબાજીથી ચાલીસ ભક્તો સાથે અમારે ગામ બ્રહ્મપુરી અમારાં બાની ખબર જોવા આવ્યાં ! એમણે અમારાં બાને માથે પ્રેમપૂર્વક સ્પર્શ કર્યો અને એમને ઘણુ સાંત્વન આપ્યું, કલાક પ્રભુની ધૂન કરી, ને ભજન ગાયા. અમારા માની એકજ પ્રાર્થના હતી—પ્રભુ અમને આ કષ્ટમાંથી જલ્દીથી છોડાવે એવી પૂ. મહાત્માજીને પ્રાર્થના અમારા વતી કરજો. અને પૂ. માની પ્રભુએ જાણે પ્રાર્થના સાંભળી—દસ દિવસમાંજ અમારા બાને દૈહિક કષ્ટમાંથી મુકત મળી ગઈ. જીવનના અંતિમ કાળમાં સંતોની કૃપા એ ખરેખર મોટું ભાગ્ય છે. આ માટે અમે અને અમારો આખો પરિવાર પ.પૂ.મા–પ્રભુનો ખૂબ ઋણી છે.

આજે અમે જે કંઈ છીએ—એ થવામાં અમારાં જ માનું પ્રદાન ઘણું મોટું છે. જીવનનાં પ્રારંભનાં વર્ષોમાં એમણે ઘણી કઠિનાઇઓનો સામનો કરી અમને પાળ્યા, પોષ્યા, ભણાવ્યા અને જીવનમાં સ્થિર કર્યા. અમારે ખાતર એણે જીવનમાં એવી એકેય વસ્તુ ન રાખી, જેનો ત્યાગ હસ્તે મુખે ન કર્યો હોય. જીવનમાં એવી માની વિદાય એ અમારે મન ન પૂરાય એવી ખોટ છે.

જાણતા નથી કે મૃત્યુ પછી જીવનું શું થાય છે. પરંતુ જેણે જીવનભર બીજાઓને ખવડાવવાનો આનંદ લૂંટ્યો છે, એને સદ્ગતિજ થાય. અમારા જેવા સંતાનોના અશ્રુઓની સહજ અંજલિ તો એને મળશે જ પરંતુ બીજાં અનેક એવાં દીન દુઃખિયાં હતા, જેમનાં આંસુ એમણે લૂછેલાં–એમની પ્રેમાંજલિ એમની સાચી શ્રદ્ધાંજલિ બની રહેશે.

પૂ.મા–પ્રભુ એમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

## પ્રકાશના પંથે

(ગતાંકથી ચાલુ)

સં.: પરમાર્થી

એ વ્રત દરમ્યાન માતાજી ખૂબ જ પ્રેમથી બધી સેવા બજાવતાં ને પોતાનું ભોજન આનંદપૂર્વક બનાવી લેતાં. તેમને મારી સાથે રહીને એવા અનુભવો ઘણા થયેલા એટલે તે ટેવાઇ ગયેલાં.

વિજયાદશમીની સવારે ઉપવાસ તો છોડ્યા પણ મને સમાધાન થયું નહિ. નિષ્ફળતાના આવા કેટકેટલા આઘાતોની વચ્ચેથી મારો ઉત્સાહ અખંડ રહીને કામ કર્યાં કરે છે! એટલે નવરાત્રી વીતી ગઈ છતાં નિરાશ થયા વિના 'મા' પર પૂર્ણ શ્રદ્ધા રાખીને મેં મારું કામ ચાલુ જ રાખ્યું.

દેવપ્રયાગના શેઠના મકાનમાં રહેતા ઇન્સ્પેકટર ભાઈ જવાહરલાલ સહાની મારા આ વ્રતથી સારી પેઠે માહિતગાર થયા હતા. તેથી વ્રત દરમ્યાન એક દિવસ તેમણે મને પૂછેલું, 'તમારા જેવા મહાનપુરુષને આવી કઠોર ને તીવ્ર સાધના કરવી પડે છે. તો અમારા જેવા સાધારણ મનુષ્યોને તો કેવું તપવું પડે? પૂર્ણતા કે પરમશાંતિ કે ઈશ્વરપ્રાપ્તિ માટે અમારે તો કેટલી મહેનત કરવી પડે?' મેં કહ્યું હતું કે 'મારી મહેનત જોઇને ડરી જવાનું કે નિરાશ થવાનું કારણ નથી. પાણી પર તરવા માટે જે નાવ બનાવે છે તેને પહેલાં કેટલો પરિશ્રમ પડે છે! પણ એકવાર તે નાવ તૈયાર થઇ ગઈ એટલે બધાંને તેવી મહેનત કરવી પડતી નથી. બધાનું કામ સહેલું બની જાય છે. તેવી જ રીતે મહાનપુરુષો શ્રમ કરે છે, તપે છે, સાધના કરે છે અને અનેકના કલ્યાણની કૂંચી તૈયાર કરે છે.'



તે દિવસો દરમ્યાન એકવાર ઓરિસ્સાના કલેકટર આવ્યા હતા. તેમની સાથે ઔરંગાબાદના હિંદી તેમ જ અંગ્રેજીના એક પ્રોફસર પણ હતા. તેમણે પણ પ્રશ્ન પૂછયો હતો કે 'પરમાત્મા સર્વના ગુરુ છે, તો પછી માણસે ગુરુ કરવાની જરૂર કયાં રહી?' મેં કહ્યું હતું કે 'બરાબર છે. પરમાત્મા સૌના ગુરુ છે. પણ એ તો સિદ્ધાંત છે—એક આદર્શ છે. વાસ્તવિકતા તો જુદી જ છે. સંત પુરુષો તેવો દાવો કરી શકે કારણ કે તેમણે પરમાત્માનો પૂર્ણ પરિચય પ્રાપ્ત કર્યો હોય છે. પરંતુ સાધારણ માણસ તેવો દાવો કરે તો તે દંભ ગણાય. તેણે પરમાત્માનો સાચો પરિચય મેળવવા કોઈ ગુરુનો—સંતનો આશરો લેવો પડે છે. તો જ સાધારણ માણસ પોતાનું ઉત્થાન કરી શકે. ઈશ્વરરૂપી પરમગુરુ સાથે તો જ તે અનુસંધાન સાધી શકે.'

ગંગાના અખંડ જયઘોષને સાંભળતાં, એવા એકાદ બે પ્રસંગોની વચ્ચે હિમાલયવાસના સાધનામય દિવસો વીતી ગયા. ત્યાં તો એક દિવસ 'મા' એ નાશિક જવાની પ્રેરણા કરી. ભાઈ ચંપકભાઈ નાશિક હવાફેર માટે ગયેલા. એમના આમંત્રણ-પત્રો ઉપરાઉપરી આવતા હતા.

### ત્રીસ દિવસના ઉપવાસ ને શિરડીની યાત્રા

ઋષિકેશમાં બે દિવસ રોકાઇને આખરે અમે નાશિક આવી પહોંચ્યાં. ભાઇ ચંપકભાઇ જ્યાં રહેતા હતા તે સ્થાન ખૂબ સુંદર હતું. આ ઉપરાંત તે પોતે પણ મારા પર ખૂબ પ્રેમભાવ રાખતા. દશરથાચલના પર્વત પર અમે સાથે રહ્યા તે પહેલાંથી એટલે ઋષિકેશ નિવાસના દિવસોથી તે પ્રેમ જાગ્રત થઇને વધતો જતો હતો. એમની સાથે એકાંત વાતાવરણમાં રહેતા મારા દિવસો આનંદપૂર્વક પસાર થવા માંડ્યા.

નાસિકના તીર્થધામમાં પણ મારું બધું જ ધ્યાન મારી સાધનાની સિદ્ધિ પ્રત્યે એકાગ્ર થયેલું. સાધનાને સફળ કરવા મારાથી બનતા પ્રયાસ મેં કર્યા હતા. તે પ્રયાસને આગળ લંબાવવાની મારી ઇચ્છા હતી. તે ઇચ્છાને કાર્યાન્વિત કરવાનું કામ નાશિક આવીને મેં શરૂ કર્યું. એટલે કે માની દયાથી વિભૂષિત થવા માટે તા. ૧૯ નવેમ્બર શુક્રવાર કારતક વદી ત્રીજથી મેં જલ પર તેમજ નિર્જલ રહીને માને પ્રાર્થના કરતાં ઉપવાસ શરૂ કર્યા. ઉપવાસ દરમ્યાન આતુરતાપૂર્વક કરેલી અંતરની પ્રાર્થનાની નોંધ આ પ્રમાણે હતી “ઇતિહાસ ને પુરાણમાં સારી પેઠે ગવાયેલા આ તીર્થધામમાં હે મા, તમારી કૃપાનો ભિક્ષુક બનીને એક વાર ફરી બેઠો છું. તમારા પ્રેમની ઝંખનામાં મારા દિનરાત વીતી જાય છે. શાસ્ત્રોએ કહ્યું છે કે તીર્થસ્થાનમાં કરેલું પુણ્યકર્મ કે તપ હજાર ગણું ફળદાયક થાય છે...તમારી લીલાભૂમિ જેમાં પંચવટી ને નાશિકના આ મહાન પવિત્ર ધામમાં હે રઘુનંદન, હું તપી રહ્યો છું. તમે કરૂણા ને પ્રેમના ભંડાર કહેવાઓ છો. છતાં પણ આજે ચાર ચાર દિવસથી તમે નિર્દયની જેમ બિલકુલ મૂક છો. એ શું ઓછી અચરજની વાત છે?...હે મહાવીર હનુમાન, હે રામના એકનિષ્ઠ સેવક! દીનજનોની રક્ષા કાજે દિનરાત જાગ્રત રહેવાની પ્રતિજ્ઞા શું તમે મૂકી દીધી કે? ભગવાન્ રામની ભૂમિમાં આ રીતે એક બાળક–બીજી કોઇ ધૂળ જેવી લૌકિક નહીં પરંતુ પરમશાંતિ ને પૂર્ણતા તેમજ ઇષ્ટસિદ્ધિની કામનાથી તપી રહ્યો છે, તો પણ તમે તેની વહારે કેમ નથી આવતા?...હે મા, પૂર્વકાળમાં નચિકેતા નામનો બાલક યમદેવના દ્વાર પાસે ત્રણ જ દિવસ ભૂખે તરસ્યે ઊભો રહ્યો હતો તેટલાથી પણ યમદેવને કેટલું દુઃખ થયું, ને પોતાના અપરાધના પ્રાયશ્ચિત સારુ નચિકેતાને તેમણે ત્રણ



વરદાન આપ્યાં ત્યારે જ તેમને કૈંક શાંતિ વળી. તો પછી મારા તો પાંચ પાંચ દિવસો તમારે દ્વારે તલસતાં વીતી ગયા છે છતાં તમે હજી આવતા નથી એ કેવા આશ્ચર્યની વાત છે...શરણાગતની રક્ષા કરવાની તમારી જુગજુની ને સ્વભાવ-ગત ખાસિયત શું તમે છોડી દીધી? તમારો એક બાળક તમારા વિના ભૂખે ને તરસે ટળવળે, છતાં તમે તેની સંભાળ લેવા દોડી ન આવો, એ શું તમારા જેવી જગન્માતાને માટે બરાબર છે? તમારી કૃપા એક સાધારણ માણસમાં પણ પ્રાણ પ્રકટાવી શકે છે. તે જ કૃપાથી હું તમને મેળવવા કૃતનિશ્ચય થયો છું, ને છેલ્લા પચ્ચીસ દિવસથી બાળકની જેમ પ્રેમ-પૂર્વક ઉપવાસ કરી તમને જોવા ઝંખી રહ્યો છું...પણ તમે તો હજી એવાં જ ઉદાસીન દેખાઓ છો. તમારે ને મારે કોઇ સગાઇ જ ના હોઇ એવું સાવકી મા કરતાં ય ખરાબ ને વધારે ઉપેક્ષાભર્યું વર્તન તમે મારી સાથે કરવા માંડયું છે. મારું દુઃખ જોઇને તમારું રુંવાડું યે હાલ્યું હોય એવું મને જરા પણ જણાતું નથી. માફ કરજો. પ્રેમની વેદનાના અતિરેકમાં મારે તમને શબ્દો કહેવા પડે છે, પણ તે સત્ય જ છે...ગઇ કાલે તો નાશિકથી પ્રસ્થાન પણ થઇ ગયું, ને અહીં મુંબઇ આવવાનું થયું. નાશિકના બધા જ દિવસો મેં તમારી ઝંખના, પ્રાર્થના ને કૃપાભિક્ષાની યાચનામાં પસાર કર્યા. પરંતુ તે પુણ્યભૂમિમાં તમારી કૃપા થઇ નહીં. કાંઇ નહીં, તમારી ઇચ્છા. મારે તો તમારે માટે તપ્યા ને અંતલગી ઝંખ્યા વિના છૂટકો જ નથી. કેમકે મીનનું જીવન જેમ જલમાં, તેમ મારું જીવન–સર્વસ્વ પણ એક તમારામાં જ રહેલું છે. તમારા મધુર મિલન વિના મને શાંતિ કે આનંદ ને ધન્યતા કદી કાળ થઇ શકે તેમ નથી...હે મા, ઉપવાસની પૂર્ણાહુતિ છતાં તમારે દ્વારે મારો પોકાર તો રાતદિન ચાલુ

રહે છે ને ચાલુ જ રહેશે. તમે ઉપવાસથી મળશો કે કૃપા કરશો તે તમે જ જાણો છો. હું તો તમારા પર વિશ્વાસ રાખીને તમારી પ્રેરણા પ્રમાણે પ્રવૃત્ત થાઉં છું ને તમારી કૃપાની ઝંખના કરું છું. તમારી કૃપા વિના મને કદી પણ શાંતિ થશે નહીં, ને મારા અંતરતમમાં દર્દની જે જ્વાલા જલી રહી છે તે પણ કદી મટશે નહીં....

ઉપવાસના એ દિવસો નાશિક તેમજ મુંબઈમાં સારી પેઠે પસાર થઈ ગયા. પણ સાધનાની પરિપૂર્ણતા ન થઇ. મુંબઈથી પ્રસિદ્ધ સિદ્ધ પુરુષ સાંઇબાબાનું સ્થાન શિરડી પાસે જ હતું ત્યાં જવા માટે વિચાર હતો. પરંતુ મારા મનમાં એમ થયું કે જો ઈશ્વરી સંકેત થાય તો જ શિરડી જવું. એ જ અરસામાં એકવાર આંતર જગતમાં પ્રેરણા મળી કે 'શિરડી આવવા માટે નીકળવું હોય તો મુંબઇથી રાતની ગાડીમાં નીકળજો, દિવસની નહીં.' એ પછી થોડેક દિવસે સાંઇબાબાનું સ્વપ્નદર્શન થયું. ને તે પછી શિરડી જવાનો સંકેત પણ મળ્યો. એની ઈશ્વરી ચોક્કસ પ્રેરણા મળવાથી મેં શિરડી જવાનું નક્કી કર્યું. નક્કી કરેલાં કાર્યક્રમ પ્રમાણે અમે તા. ૨૫-૧-૧૯૫૨ની રાતે મુંબઈ છોડયું.

નાશિકના ઉપવાસ દરમિયાન એકાંતરે દિવસે પાણી પર રહેવાનું રાખ્યું હોવાથી શારીરિક અશક્તિ વધી ગયેલી. એ ઉપવાસ જીવનના કઠોરતમ ઉપવાસ હતા. ઉપવાસ દરમ્યાન અવારનવાર સિદ્ધપુરુષોનો ને જગદમ્બાનો દિવ્ય દર્શનલાભ ધ્યાનમાં મળતો રહેતો અને એથી મને અવનવો ઉત્સાહ સાંપડતો.

શિરડીમાં યાત્રીઓની ભીડ ઘણી ભારે હતી. પ્રમાણમાં ઓરડીઓ ઓછી પડતી હતી. સાંઇબાબાના પ્રસિદ્ધ સમાધિ



મંદિરની ઉપરના ભાગમાં અમને જગા મળી હતી. એ જગા એકંદરે સારી હતી. કેમ કે નીચે સમાધિ મંદિરનો વિશાળ હોલ તેમ જ સમાધિનું દર્શન ઉપરથી સારી પેઠે થતું. સમાધિ મંદિર ખૂબ જ વિશાળ ને સુંદર છે. તેમાં સામે જ સાંઇબાબાની ખુલ્લી સમાધિ છે. સમાધિ પર ફૂલમાળાઓ પડેલી હોય છે. એક બાજુ અખંડ અગ્નિ સળગ્યા કરે છે. તે જ તરફ સાંઈબાબાની ચરણ પાદુકા છે. સામે સાંઈબાબાનું મોટું તૈલચિત્ર છે. સમાધિ મંદિરમાં નાતજાતના ભેદ વિના સૌ કોઈ પ્રવેશી શકે છે. પૂજા કરવાનો પણ સૌને અધિકાર છે.

પૂજામાં ભાગ લઈને અમે દ્વારકામાઇનાં દર્શને ગયાં. દ્વારકામાઈ એક મસ્જીદ છે એમ કહેવાય છે, પરંતુ મસ્જીદ જેવો તેનો આકાર નથી. નાનું સરખું મકાન છે. તેનાં પગથિયાં ચઢીને અમે ઉપર પ્રવેશ કર્યો. ઉપર સાંઇબાબાનું મોટું તૈલચિત્ર છે. તેમાં સાંઈબાબાની બેઠેલી આકૃતિ છે. આકૃતિ ખૂબ જ આકર્ષક ને આબેહૂબ પણ એટલી જ. જાણે સાંઈબાબા હમણાં જ વાત કરી ઉઠશે એવું લાગે છે. અહીં પણ અખંડ અગ્નિ જલ્યા કરે છે. સાંઈબાબાની એ પ્રથા હતી. તેમની સ્મૃતિમાં આજે પણ ભસ્મ અને જોવા મળે છે. એક કબાટમાં સાંઇબાબાની બે ત્રણ કફની છે. બીજી બાજુ દિવાલમાં તેમની જૂની ચલમો હારબંધ જડેલી છે.

(ક્રમશઃ)

---


## ❋ ક્ષમા યાચના ❋

અધ્યાત્મનો ઓગસ્ટમાસનો અંક તંત્રીશ્રીના માતુશ્રીની બીમારી તથા સ્વર્ગવાસને લીધે ચાર દિવસ મોડો થયો છે તો તે બદલ ક્ષમા કરવા વિનંતી છે.

# દર મહિને રૂ.૧૦૦ છ વર્ષ સુધી બચાવો અને જિંદગીભર દર મહિને રૂ.૧૦૦ મેળવો



## કેવી રીતે ? બહુ સીધી વાત : રાષ્ટ્રીય બચત પત્રોની છઠ્ઠી શ્રેણીમાં



છ વર્ષે આ રકમ બમણી થાય છે.
એટલે કે રૂ.૧૦૦ના
રૂ. ૨૦૧-૫૦ પૈસા થાય;
એમાંથી રૂ. ૧૦૧-૫૦ પૈસા તમે લઈ લ્યો.
અને બાકીના રૂ. ૧૦૦ દર મહિને
ફરીથી આ બચત યોજનામાં જમા કરાવો.
આમ દર મહિને તમને રૂ. ૧૦૦ મળ્યા કરશે.

આવા બચતપત્રો રૂ. ૧૦,
૫૦, ૧૦૦, ૫૦૦, ૧૦૦૦, ૫,૦૦૦
અને ૧૦,૦૦૦ ના મૂલ્યમાં મળે છે.

વાર્ષિક ૧૨ ટકા કરમુક્ત ચ.વૃ. વ્યાજ.

—સચિવ, નાની બચત અને
રાજ્ય લૉટરી, ગુજરાત.


### પ્રભુ પ્રેમનું રસાયણ

ઈશ્વરનો પ્રેમ એક એવું અદ્ભુત રસાયણ છે જે જીવનમાં જો સાચા સ્વરૂપમાં ભળી જાય તો સાધકનું સમગ્ર જીવન પલટાઈ જાય છે, પછી તેની હરક્રિયામાં પ્રભુના પ્રેમનું દર્શન થાય છે અને કાળાંતરે તે સ્વયં પ્રભુરૂપ બની જાય છે.

—યોગેશ્વરજી


Telegram : INDEQUIPCO
Telephone . 343794-95

*For your repuirement of the following items please contact*

# INDEQUIP LIMITED

Raid Road, AHMEDABAD-380 002

Lubricants, Chemicals, Mill Stores and Machinery, Solvents, Caustic Soda, Soda Ash, Soda Bicarb, Calcium Chloride, Amonia Bicarb, Teepol B-300, Pickers, Picking Bands, Buffers, Glue, etc.

: Office at :
Bombay-Indore-Calcutta-Delhi-Amritsar.

## * અવળી શોધ *

જ્યાં સુધી માણસ એમ માને છે કે ઈશ્વર 'ત્યાં' છે, ત્યાં સુધી તે અજ્ઞાન છે પરંતુ જ્યારે તે એમ અનુભવે છે કે ઈશ્વર 'અહીં' છે, ત્યારે તેને જ્ઞાન થયું સમજવું.

એક માણસને રાત્રે હુક્કો પીવાની તલબ થઈ. તે માટે દેવતા સળગાવવા તે પડોશીને ઘેર ગયો. રાત્રે મોડું થઇ ગયું હતું અને ઘરનાં તમામ લોકો સૂઇ ગયા હતા. ઘણા વખત સુધી બારણે ટકોરા માર્યા પછી દરવાજો ખોલવા કોઇ નીચે ઉતરી આવ્યું. તે માણસને જોતાં તેણે પૂછ્યું, "કેમ ભાઈ? શું કામ છે?" તે માણસે જવાબ આપ્યો, 'શું તમે અનુમાન કરી શકતા નથી કે મારે શું કામ હશે? તમે જાણે છો કે હુક્કો પીવાનો હું કેટલો શોખીન છું. એટલે દેવતા લેવા અહીં આવ્યો છું."

પાડોશી બોલ્યો, 'ઓહો! તમે તો ગજબના માણસ છો! આટલી તકલીફ વેઠીને આવ્યા ને બારણે આટલા ટકોરા માર્યા! જુઓ તો ખરા! તમારા હાથમાં સળગતું ફાનસ તો છે!'

માણસ જેને શોધે છે, તે તેની અત્યંત પાસે છે અને છતાં પણ તેના માટે તે સ્થળે સ્થળે ભટકે છે! કેવી કરૂણતા!

રામકૃષ્ણ પરમહંસ

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર–૧

ADHYATMA Regd. No. GBV 113

## * અવળી શોધ *

જ્યાં સુધી માણસ એમ માને છે કે ઈશ્વર 'ત્યાં' છે, ત્યાં સુધી તે અજ્ઞાન છે પરંતુ જ્યારે તે એમ અનુભવે છે કે ઈશ્વર 'અહીં' છે, ત્યારે તેને જ્ઞાન થયું સમજવું.

એક માણસને રાત્રે હુક્કો પીવાની તલબ થઈ. તે માટે દેવતા સળગાવવા તે પડોશીને ઘેર ગયો. રાત્રે મોડું થઇ ગયું હતું અને ઘરનાં તમામ લોકો સૂઇ ગયા હતા. ઘણા વખત સુધી બારણે ટકોરા માર્યા પછી દરવાજો ખોલવા કોઇ નીચે ઉતરી આવ્યું. તે માણસને જોતાં તેણે પૂછ્યું, "કેમ ભાઈ? શું કામ છે?" તે માણસે જવાબ આપ્યો, 'શું તમે અનુમાન કરી શકતા નથી કે મારે શું કામ હશે? તમે જાણે છો કે હુક્કો પીવાનો હું કેટલો શોખીન છું. એટલે દેવતા લેવા અહીં આવ્યો છું."

પાડોશી બોલ્યો, 'ઓહો! તમે તો ગજબના માણસ છો! આટલી તકલીફ વેઠીને આવ્યા ને બારણે આટલા ટકોરા માર્યા! જુઓ તો ખરા! તમારા હાથમાં સળગતું ફાનસ તો છે!'

માણસ જેને શોધે છે, તે તેની અત્યંત પાસે છે અને છતાં પણ તેના માટે તે સ્થળે સ્થળે ભટકે છે! કેવી કરૂણતા!

રામકૃષ્ણ પરમહંસ

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨
પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર—૧